જુલાઈ ૨૦૨૫

# દાદાવાણી

પ્રતના ₹ ૨૦

"મા-બાપની સેવા એ પ્રત્યક્ષ રોકડું છે.
ભગવાન દેખાતા નથી, આ મા-બાપ તો દેખાય છે.
ભૂલ્યા ત્યાંથી ફરી ગણો. જે છે એમની સેવા કરો.
પછી ગયા એ ગયા ! પણ અત્યારે મા-બાપ હોય તો
તમે એમની સેવા કરો."





દાદાશ્રીના પિતાશ્રી - મૂળજીભાઈ



દાદાશ્રીના માતુશ્રી - ઝવેરબેન

## સુરત : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૧૬ થી તા.૧૮ મે ૨૦૨૫



## ધરમપુર : પૂજ્યશ્રી શ્રીમદ્ રાજચંદ્ર મિશનની મુલાકાતે : તા.૧૯ મે ૨૦૨૫



વર્ષ : ૩૦, અંક : ૧૧
સળંગ અંક : ૩૫૯
**જુલાઈ ૨૦૨૫**
પાનાં : ૩૨

**Editor : Dimple Mehta**
© 2025
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
અડાલજ ત્રિમંદિર, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત :** ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## દાદાશ્રીના સંસ્કાર સિંચનમાં માતા-પિતાની ભૂમિકા

### સંપાદકીય

આ કળિકાળમાં એવા પ્રખર જ્ઞાની પુરુષ 'દાદા ભગવાન'નું પ્રાગટ્ય થયું કે જેમના દ્વારા ઉદયમાં આવેલ અક્રમ વિજ્ઞાન થકી સામાન્ય માણસ પણ સહેલાઈથી અધ્યાત્મને સમજી શકે છે, એટલું જ નહીં યથાર્થપણે આત્મઅનુભવ પણ કરી શકે છે. શ્રી અંબાલાલ પટેલ તરીકે એમનું જીવન શરૂ થયું અને પોતે જ્ઞાનદશાથી જ્ઞાની પુરુષ થઈ 'દાદા ભગવાન' સ્વરૂપ સુધી પહોંચી શક્યા. એવા જ્ઞાનીનું બાળપણ કેવું હશે, એમના સંસ્કારી માતા-પિતા કેવા હશે કે જેમનાથી એમના બાળ જીવનનું સિંચન થયું હશે, એ જાણવાની ઉત્કંઠા આપણને થયા વગર તો રહે જ નહીં ને!

પ્રસ્તુત અંકમાં પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)ના સંસ્કારી માતા-પિતા સાથે થયેલા અમુક પ્રસંગો આવરાયેલા છે, જેની એમના વ્યક્તિત્વ ઉપર ઊંડી અસર પડી છે. એમના માતુશ્રીનું ચારિત્રબળ ઉત્તમ હતું. તે સિવાય ઊંચી સમજણ સાથે હૃદયવાળા, ઓબ્લાઈજિંગ નેચર, હિંમતવાળા, સમતાવાળા, કોઈ અપમાન કરી જાય પછી એ ફરી આવે તો એવા જ પ્રેમથી બોલાવે એવી કરુણાવાળા, ખાનદાની જેવા ઘણા બધા સદ્‌ગુણો!

દાદાશ્રીના પિતાશ્રી રાજેશ્રી સ્વભાવના હતા. અંબાલાલ જન્મ્યા, તે વખતે જ્યોતિષીએ કહેલું કે 'આ તમારો પુત્ર ગજબનો પુરુષ થવાનો છે. એના જન્માક્ષર બહુ ઊંચા છે, તો એના સંસ્કારમાં કચાશ ના પડવા દેતા. ત્યારથી પિતાશ્રીને પુત્ર માટે હૃદયમાં ઊંચી છાપ પડી ગયેલી. આમ પિતા કુળવાન ને બ્રોડ વિઝન (દૂરંદેશી)વાળા હતા અને માતા જાતવાન હતા. બેઉનું પ્યોરિટીવાળું જીવન હતું અને એ જ બાળ સંસ્કાર અંબાલાલને મળેલા.

નાનપણથી માતુશ્રી ઉચ્ચ સંસ્કાર આપતા, 'તું માર ખાઈને આવજે, કોઈનેય મારીને ના આવીશ', અહિંસાના પાઠ શિખવાડેલા. બોલો, તો એ મા મહાવીર બનાવે કે નહીં ? મૂળ પોતે સંસ્કારનું બીજ લઈને આવેલા, પણ આવા માતુશ્રીના સંજોગોથી એ સંસ્કાર પ્રગટ થયેલા. બાના પ્રેમે એમને પરદેશ જવા ના દીધા. અંબાલાલે અહીં રહી ભગવાન ખોળી કાઢવાની ઈચ્છાનો ધ્યેય અંતે સિદ્ધ કર્યો ! એમના માતુશ્રી એમને કહેતા કે 'મારી જિંદગીમાં તો દર્શન કરવા જેવો હોય તો તું એકલો જ છું. તું જ મારો ભગવાન છું.' એવી ઓળખાણ એમને પડી ગઈ હતી.

દાદાશ્રી કહે છે કે 'અમારા મધર બહુ સંસ્કારી, એટલે એમના થકી મારો માલ જાગ્રત થયો. અમારો નાનપણથી વિજ્ઞાની સ્વભાવ હતો કે દરેક કાર્ય પછી એના પરિણામ દેખાયા વગર રહે જ નહીં. વિજ્ઞાની એટલે પોતાનું બધું ઊભું કરી દેવું, સામાને રસ્તે ચઢાવી નાખે. મૂળ તો હું બધા સંજોગો મારા લઈને આવેલો.' નિયમ એવો છે કે પોતાના જે સંજોગો હોય ને એવું વાતાવરણ મળે, એટલે છેવટે કુદરતી અક્રમ વિજ્ઞાન જડ્યું. એનાથી અનેક અધ્યાત્મ જીજ્ઞાસુ લોકોનું કામ નીકળે એ જ હૃદયપૂર્વકની અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# દાદાશ્રીના સંસ્કાર સિંચનમાં માતા-પિતાની ભૂમિકા

## 'અંબા માની ભક્તિ'થી અંબાલાલ નામ

**પ્રશ્નકર્તા :** દાદા, આપનું મૂળ નામ શું ?

**દાદાશ્રી :** મારું નામ અંબાલાલ મૂળજીભાઈ પટેલ, ગામ ભાદરણ અને કુટુંબ સારું. અમારા બા (મધર) ઝવેરબા. મારા ફાધર (પિતા) એમને લોકો 'મૂળજીકાકા' કહે.

**પ્રશ્નકર્તા :** દાદા, તમારું નામ કેવી રીતે પડ્યું ?

**દાદાશ્રી :** મારા બા (ઝવેરબા)એ મારે માટે (જન્મ પહેલા) આઠેક વર્ષ તો ઘી ન ખાવાની બાધા લીધેલી અને અંબામાની ભક્તિ નિરંતર કરતા, તે ઉપરથી મારું નામ 'અંબાલાલ' પાડેલું.

## 'મા' જાતવાન, 'બાપ' કુળવાન

**પ્રશ્નકર્તા :** જ્ઞાની તરીકે આપ જે ઓળખાયા એ પહેલાના તમારા પૂર્વજીવનની એટલે કે તમારું કુટુંબ, માતા-પિતા, ત્યાંનું વાતાવરણ, ઘડતર, કાળ એની કંઈ વાત કરો ને !

**દાદાશ્રી :** હા, વાતાવરણ કુટુંબનું સારું, વાતાવરણ સંસ્કારી, સંસ્કારી કુટુંબ.

મારા મધર તો એવા હતા કે ખોળ્યા ના જડે તેવા હતા. ભોંય (જમીન) સારી ન હોય તો છોડવો શી રીતે સારો થાય ? તેમ આમાંય માતા સારી જોઈએ. એટલે મારો જન્મ તો બહુ મુલાયમ હાર્ટ (હૃદયવાળા)ને પેટે થયેલો. અમારા બા જેવી સ્ત્રી મેં અત્યાર સુધી જોઈ નથી. એમના જે વિચારો, એમનું જે વર્તન, એમની દયા, કરુણા એ મેં જોયેલું છે. એટલું તો બહુ ઊંચામાં ઊંચું. એને હું (બહુ ઊંચું) જન્મસ્થળ માનું છું, બહુ ઊંચું જન્મસ્થળ !

મને એક જણે બીતા બીતા પૂછેલું, કે તમે આવા શી રીતે પાક્યા ? ત્યારે મેં કહ્યું, મારી 'મા' જાતવાન હતી અને 'બાપ' કુળવાન હતા. કુળવાન કેવા હોય ? બ્રોડ વિઝન (વિશાળ દૃષ્ટિ) વાળા હોય. કુળવાનને ડાઘ ન પડવો જોઈએ, એક પણ ડાઘ કુળવાનને ન હોવો જોઈએ.

આ ગ્રેડ (કક્ષા) જ મળે નહીં ને, પ્યૉરિટી (શુદ્ધતા) વગર ! અને ફાધર-મધર બધાની પ્યૉરિટી હતી, ભારે પ્યૉરિટી અને આખો દહાડો કો'કના કામ કેમ કરવા એ જ આ બધાનો ધંધો ! એમાં મધર તો બહુ જ એવા...

અમારા મધરનું તો એવું હતું કે અમારા ગામમાં ઘણા માણસો એવું કહેતા'તા કે તારી મધર જેવી મધર એ કો'ક કાળમાં જ હોય.

## બાનું મોઢું જોતા જ સુખિયો થાય

**પ્રશ્નકર્તા :** આપના મધર ઝવેરબા વિશે કંઈ વાત કરો ને !

**દાદાશ્રી :** મારી માનું મોઢું જોતા દુખિયો હોય, તે સુખિયો થઈ જાય એવા અમારા બા હતા. એમના ગુણોનું શું વર્ણન કરું ?

અમારા ગામની સાત હજાર માણસની વસ્તી પણ મેં આવા મધર જેવા જોયા નહોતા. તે પાછું નિષ્પક્ષપાતી રીતે વિચાર કરી જોયેલો કે મારા મધર છે માટે મને આમ થાય છે ? એટલે બીજી રીતેય તપાસી જોયેલા. તે નિષ્પક્ષપાત ભાવથી ફરી તપાસ કરેલી. પણ બહુ સરસ બાઈ, બહુ સુંદર વિચારો ! તમે ગાળ ભાંડીને જાવ ને તરત જ તમે ફરી પાછા આવો તો બોલાવે. કરુણાવાળા, બહુ કરુણા, જબરજસ્ત કરુણા ! અને ઑબ્લાઈજિંગ

નેચર (પરોપકારી સ્વભાવ) નિરંતર ! એટલે હજુ આપણા હિન્દુસ્તાનના સંસ્કાર છે કંઈક. આપણે એવું છે ને, બીજી રીતે નાદારીમાં ગયા છે, પણ સંસ્કારમાં નાદાર નથી થયા.

## ઝવેરબાની છાપ પડી દાદા પર

એ ઝવેરબા તો પર્સનાલિટીવાળા (વિશિષ્ટ વ્યક્તિત્વવાળા) ! તે અમારી પોળમાંથી જ્યારે નીકળે, અમે જે મહોલ્લામાં જઈએ ને, તે સામેથી હું અને મધર બે આવતા હોય તો દરેક ઘરવાળા ઘરમાંથી બહાર નીકળીને તરત બાને 'જય શ્રીકૃષ્ણ, જય શ્રીકૃષ્ણ' કહ્યા કરે. હું જોડે હોઉ તો ના સમજી જઉ, એમની આવી છાપ છે તે ઘડીએ ?

અમારા અહીંથી વડોદરે સુધી જઈએ, તો હું જોડે હોઉ ને, તો આખા ગામમાં બધાનું જોયા જ કરું કે કેવી આ પર્સનાલિટી ! રાત્રે સાત વાગે બસમાંથી ઉતરીને ગયા હોય, તે અમારા ફળિયાની જોડેનું ફળિયું છે ને, તે ફળિયાએ રહીને અમારે જવું પડે ઘેર. તે બાની સાથે એક ફેરો ગયેલો હું. તે જોડેના ફળિયામાં પચાસ ઘર આ બાજુ ને પચાસ ઘર આ બાજુ, એવડું મોટું ફળિયું છે. તે વચ્ચે અમારે એ ફળિયામાં થઈને જવાનો રસ્તો હતો, તે ફળિયામાં જો પેઠા, તો ત્યાં દરેક ઘરમાંથી બહાર નીકળી નીકળીને કહે, 'બા આવ્યા, બા આવ્યા.' દરેક સ્ત્રી ખાવાનું કરતી કરતી 'ઝવેરબા આવી ગયા, બા આવ્યા, બા આવ્યા, બા આવ્યા' કરતા બહાર દોડી આવતી. નાની ખડકી તે દરેક ઘરથી બહાર આવે. બન્ને બાજુના ઘરોમાં દોડધામ દોડધામ થઈ ગઈ. તે પર્સનાલિટી એનું નામ કહેવાય ને ! તે આખું ફળિયું જ બહાર આવ્યું. તે આપણે ના સમજીએ કે આમણે શું પ્રાપ્તિ કરી છે ? સમજીએ કે ના સમજીએ ? શું પ્રાપ્તિ કરી હશે ?

**પ્રશ્નકર્તા :** પ્રેમ મેળવ્યો ને !

**દાદાશ્રી :** એડજસ્ટમેન્ટ, 'હાઉ ટૂ એડજસ્ટ.' તે બધી સારી હશે ? એ બધા નીકળ્યા, તે બધા સારા હશે ? સારા-ખોટા બધાય બહાર નીકળે. બા આવ્યા, બા આવ્યા, બા આવ્યા ! તે આપણને જોવાનું મળે કે ના મળે ?

**પ્રશ્નકર્તા :** મળે.

**દાદાશ્રી :** આખી બેઉ બાજુ ઘરાં. આવું ને આવું મેં જોયેલું બધું. એ છાપ પડેલી મને બધી. એમના સંસ્કાર એવા તે !

## જબરદસ્ત ખાનદાની-સમતા

અમારા મધરને કોઈ ગાળો ભાંડે તોય બા હસે. બહુ સમતાવાળા ! બાએ કોઈ દહાડોય કોઈને પજવ્યા હોય એવું મેં જોયું નથી. લોકોએ બાને પજવ્યા હશે પણ બાએ એમનેય પજવ્યા નથી.

**પ્રશ્નકર્તા :** અમને તો થોડો પરિચય ખરો, પણ જોયું કે એવી વ્યક્તિ હજુ સુધી મેં જોઈ નથી !

**દાદાશ્રી :** એવી વ્યક્તિ જોઈ નથી. જોવા મળે નહીં ને, આવી સમતા ! આ ખાનદાની ! જબરજસ્ત ખાનદાની !

## બાની ધીરજે બાપુજીને બચાવ્યા

**પ્રશ્નકર્તા :** તે પાછા એ ધીરજવાળા પણ ખરા !

**દાદાશ્રી :** હા. એ તો એક ફેરા એવું બનેલું કે મારા બાપા રાત્રે બહાર સૂઈ ગયેલા. પાંચ-સાત ફૂટનો મોટો સાપ નીકળેલો. તે માથા ઉપર થઈને ચઢેલો હતો, ત્યારે મારી બાએ તે જોયો. આખો સાપ શરીર ઉપર થઈને પસાર થઈ ગયો. પછી બાએ મારા બાપાને ઊઠાડ્યા અને કહ્યું કે 'તમે ઉઘાડા સૂઈ ગયા હતા. આખો સાપ તમારા શરીર ઉપર થઈને ચાલ્યો ગયો. હવે મેં ગરમ પાણી મૂક્યું

છે તે નાહી નાખો.' આ સમતા-ધીરજ બાએ ના રાખી હોત તો બાપા ઝબકી ઊઠત. બાપા જાણે કે મને કરડશે. સાપ જાણે કે મને મારશે. આમાં સાપ એમને કરડત પણ મારી બાની કેવી ધીરજ !

### પ્રેમથી જમાડવામાં પોતે ધરાઈ જાય

અમારા મધર હતા, એ જમાડતી વખતે ભૂખ્યા રહેતા કાયમ. તે મેં કહ્યું, 'કેમ ખાધું નહીં ?' ત્યારે કહે, 'હું જમાડતી વખતે જ ધરાઈ ગઈ, જમાડીને !' તે એ ધરાઈ જાય એવું થાય ? પણ એવું થતું. જો તું ભૂખ્યો હોઉ ને પછી જમાડવા માંડું તો ધરાઈ જાઉ પોતે, એવું બને ખરું ? કોઈએ સાંભળેલી એ વાત, જમાડનાર ધરાઈ જાય ? મને એવો અનુભવ થતો.

**પ્રશ્નકર્તા :** થાય, દાદા. જે જમાડે એને થાય જ, દાદા.

**દાદાશ્રી :** એ સારું. એમને તો હપૂચી, બિલકુલ ભૂખ ના લાગે ! જમાડવામાં બહુ શૂરા ! એવો પ્રેમ મેં જોયેલો.

**પ્રશ્નકર્તા :** પ્રેમ અને સહિષ્ણુતાની મૂર્તિ !

**દાદાશ્રી :** કોઈ દહીં લેવા આવ્યો તો દહીં આટલું કાઢી આપે ને ઉપરથી તરવાળું. આપણું ખોટું દેખાય એટલે ફ્રી આપવાનું ને તરવાળું પાછું. ત્યારે પુણ્યશાળી માણસ ને ! નહીં ?

તે મને મોહ ફક્ત બા ઉપર જ. હા, એવા તે સુંદર ગુણો એટલે મોહ ઉત્પન્ન થયેલો. પ્રેમાળ, પૈસા-બૈસા કંઈ જોઈએ નહીં, તેવા મારા બા હતા.

**પ્રશ્નકર્તા :** મોહ ફક્ત બા ઉપર જ ?

**દાદાશ્રી :** હા. મને તો નાનપણમાં, (નાની ઉંમરમાં) અજ્ઞાન દશામાં બા એકલા જ જોઈએ. તે બહાર ગયેલા હોય તો તે મને તેમનો સાલ્લો (સાડલો) આપી જતા. તેને હાથ અડાડું ને મને ઊંઘ આવે.

### 'માર ખાઈને આવજે, મારીશ નહીં'

**પ્રશ્નકર્તા :** દાદા, આપે કહ્યું કે આપ તોફાની હતા, તે કોઈને મારેલું આપે ? કોઈ બાળકોને મારેલા કે નહીં નાનપણમાં ? ત્યારે ઝવેરબા શું કરતા ?

**દાદાશ્રી :** હા, મારેલા. તોફાનેય કરેલા. તોફાન નહીં કરેલા એવું નહીં. બીજાને મારેલા... સારી રીતે મારેલા. પણ પછી બાએ ના પાડી, 'હવે ના મારીશ કોઈને.' બાએ ના કહેલું એટલે પછી નહીં કરેલું. મૂળ તો ગાંડી જાત !

નાનપણમાં એક ફેરો એક જણને ઢેખાળો મારીને આવ્યો'તો, નાનો અમથો. તે પેલાને લોહી નીકળ્યું'તું. પછી હું ઘરમાં આવીને પેસી ગયો છાનોમાનો. લોક મારવા ના આવે ને ! ઝવેરબાને ખબર પડી.

**પ્રશ્નકર્તા :** તમે કોઈને મારીને આવો, તો બા તમને મારે ખરા ?

**દાદાશ્રી :** સમજણ પાડે. તે પછી એમણે મને કહ્યું કે 'ભઈ, આ શું કર્યું ? જો એને લોહી નીકળ્યું. તે શું કર્યું આ ?' 'મારે નહીં ત્યારે શું કરે ?' મેં કહ્યું. ત્યારે કહે, 'એને એની કાકીને ત્યાં રહેવાનું, એની મા નથી, તો એને કોણ પાટાપીંડી બધું કરે ? અને કેટલું રડતો હશે બિચારો ! એને કેટલું દુઃખ થતું હશે ! એને કોણ સેવશે હવે ? અને હું તો તારી મધર છું, તે તને સેવીશ. અને તું માર ખઈને આવજે, પણ કોઈનેય ઢેખાળો મારીને એને લોહી કાઢીને આવીશ નહીં. તું ઢેખાળો ખાઈને આવજે, તો હું તને મટાડી દઈશ. પણ એને કોણ મટાડશે, બિચારાને ?'

## આવાં મધર મહાવીર બનાવે !

**પ્રશ્નકર્તા :** અત્યારે તો ઊંધું છે બધું. અત્યારે તો ઊંધું કહે, 'જો માર ખાઈને આવ્યો છે તો ?'

**દાદાશ્રી :** પહેલેથી ઊંધું, આજે નહીં. અત્યારે આ કાળને લઈને થયું નથી, એ પહેલેથી અવળું હતું. આવું જ છે આ જગત ! એટલે આપણા લોકો તો 'બીજે દહાડે લાકડી લઈને જજે,' એવું કહે. દુઃખી કરવાના બધા નિશાન ! આ માજી તો મને સારું શિખવાડતા'તા, બધું સારું શિખવાડે. મને બહુ ગમેલું. બોલો હવે, એ મા મહાવીર બનાવે કે ના બનાવે ? મારા માજી હતાય એવા ! એ વાત થયેલી નાનપણમાં, પછી મોટી ઉંમરમાં જરા સમજ આવી ત્યારે (વધારે) સમજી ગયો. બાકી આવું શિખવાડે તો ગમે નહીં ને પહેલા તો ? મને ગમ્યું. મેં કહ્યું, 'બા કહે છે એ વાત સાચી છે. એની મધર નથી બિચારાની.' એટલે ડાહ્યો થઈ ગયો'તો, તરત. તે ત્યારથી મારવાનું બંધ થઈ ગયું.

## બાની કરુણાથી જ્ઞાન ફિટ થયું

**પ્રશ્નકર્તા :** દાદા, તમને બાએ આમ મારવાની ના પાડી અને બંધ થઈ ગયું એ કેવું ?

**દાદાશ્રી :** હા, અમારી સરળતા તો કહેવી પડે ! ત્યારે નાનું છોકરું, વાળો તો વળી જાય. નિષ્કપટતા ! પણ બાએ કરુણા બતાવી કે... 'હું તો તારી બા છું તે હું તને સેવીશ પણ મા વગરના છોકરાને મારી આવ્યો, એનું કોણ કરશે હવે બિચારાને ?'

એ પછી હું સમજી ગયો કે આ ખોટું કહેવાય. પછી બંધ કર્યું. મેં કહ્યું, 'આ તો મારી ભૂલ થાય છે.' અરેરાટી હોય કે અરેરે ! આનું શું થશે હવે ? અરેરાટી બહુ હોય અમને. એને વાગ્યા પછી મનમાં બહુ જ પસ્તાવો થાય. આ બધું આવું કેમ થયું ? બિચારાને લોહી નીકળ્યું ! તે વખતે મહીં ગભરામણ થાય આમ છાતીએ.

## પહેલા તો માંકણ પર બહુ ચીઢ

**પ્રશ્નકર્તા :** આવા અહિંસાના બીજા પાઠો મા પાસેથી શીખ્યા હોય તેવા પ્રસંગો કહો ને, દાદા.

**દાદાશ્રી :** અમારે નાનપણમાં બધા ઉપરથી ચીઢ ઊતરી ગયેલી, પણ માંકણ ઉપર ચીઢ રહી ગયેલી. ઝવેરબા અને હીરાબાને ઊંઘ આવે. એમને ચીઢ નહીં, પણ મને ચીઢ. તે માંકણની ચીઢથી આખી રાત જાગેલા લોકોનેય અમે જોયેલા. અરે ! કોઈકની શું વાત કરવાની ? આ અમારો જ એવો સેન્સિટિવ (સંવેદનશીલ) સ્વભાવ હતો કે એક માંકણને પથારીમાં સળવળતો જોઈને અમેય આખી રાત જાગતા કાઢેલી.

પહેલા પહેલા જમવા નહોતો દેતો, કાઢી મેલું. અને પાછો વૈષ્ણવને ત્યાં જન્મેલો ને, તે મારતો'તો હઉ. ત્યાં અહિંસાને આટલું બધું એ મહત્વ નથી હોતું. એટલે ઘરમાંય શિખવાડે નહીં એવું. પછી આ તો પછી ખબર પડી કે આ તો બધું ખોટું થયું.

## માંકણ કંઈ ટિફિન લઈ જશે ?

બહુ વર્ષો પહેલાની વાત છે. હું પચ્ચીસ-છવ્વીસ વર્ષનો હતો ત્યારે એક ફેરો ઘરમાં માંદગી હતી મધરની, તેને લઈને માંકણ પડી ગયેલા. તે વધારે પડી ગયેલા. તે બધા ઘરમાં કંટાળ્યા કરે. જ્યારે માણસ નરમ થઈ જાય ને બહુ ઘૈડપણમાં, તબિયત નરમ થઈ જાય એટલે માંકણ પડી ઊઠે. તે બાની નીચે રાખવાની બે રજાઈ હતી નરમ, તે એમાં માંકણ પડેલા. એટલે પછી મનેય કૈડે ને ! મારુંય નસીબ તો હોય ને !

તે અમારા મધર મારાથી છત્રીસ વર્ષ મોટા.

તે મધરને મેં પૂછ્યું, 'કોઈ દહાડો કોઈ વરસમાં માંકણ થતા નહોતા. આ સાલ માંકણ થયા છે બહુ, તે રાત્રે કૈડતા નથી ? અડચણ નથી થતી ?' ત્યારે કહે, 'ભઈ, કૈડે ખરા પણ એનો મને વાંધો નથી.' મેં કહ્યું, 'કેમ, આ તો આખી રાત કૈડે !' તો કહે, 'એનામાં ગુણ બહુ સારો છે, એ માંકણમાં.' તો મેં કહ્યું, 'શો ?' તો કહે, 'ભઈ, એ કંઈ પોટલા લઈને આવે છે ? એ જમીને જતા રહે છે. એ કંઈ પોટલા લઈને આવતા નથી.'

માંકણ તો ભિક્ષુઓ છે. તેઓ ક્યાં ઝોળી લઈને આવ્યા છે ? ધરાઈ રહેશે એટલે તે ભિક્ષુઓ જતા રહેશે. એમને ઘરા-બરા બાંધવા નથી કે કાલ હારુ કંઈ લઈ જતા નથી. એ કંઈ ફજેટિયું લઈને ઓઢું આવે છે, બીજાની જેમ કે 'આપો કંઈ અમને મા-બાપ ? માણસો ફજેટિયું લઈને જાય, એ ફજેટિયું લઈને નથી આવતા. એટલે મને વાંધો નથી,' બા કહે છે.

તે મને આ શબ્દ ગમ્યો. મેં કહ્યું, 'આ વાત તો ઉપકારી છે. આ શબ્દ મને કામનો લાગે છે.' કહે છે, 'એ પોટલું લઈને આવતા નથી.' પોટલા બાંધીને લઈ જતા હોય, તો ઊભા રાખવા પડે કે ઊભા રહો, કેમ બાંધો છો ? એ તો જમીને જતા રહે છે. એટલે આપણા જેવા પરિગ્રહી નથી. મને હેલ્પ કરી એમણે, આ સરસ વાત કરી, મને ગમી. મેં કહ્યું, 'આ કેવા ધીરજવાળા ! ધન્ય છે માજીને ! અને આ દીકરાનેય ધન્ય છે !'

## દાદાની માંકણ સાથે વાતચીત

**પ્રશ્નકર્તા :** પછી શું થયું દાદા, માંકણને મારવાનું બંધ થયું ? કેવી રીતે થયું ?

**દાદાશ્રી :** મેં તો પછી બીજી રીતે તપાસ કરી કે 'ભઈ, આ અમે જાગીએ ને લાઈટ કરીએ તો તમે નાસી કેમ જાવ છો ?' ત્યારે કહે, 'તમે મારી નાખો, હિંસક છો.' આપણાથી ભય પામીને નાસી જાય બિચારા ! આ ખૂની જેવા લાગીએ આપણે. મેં તો એમને પૂછેલું, 'અમારે અહિંસક થવું છે.' ત્યારે એ કહે, 'તમે કેવી હિંસા કરી રહ્યા છો ? તમને આ તમારી હિંસાનું ફળ છે. અમે ફળ આપી રહ્યા છીએ હિંસાનું. દ્વેષી થઈને તમે અમારી ઉપર દ્વેષ કરેલો છે.' ત્યારે પછી નક્કી કર્યું કે આપણે હિંસક રહેવું નથી.

## સંસ્કારી બા રહ્યા વહુના વહુ થઈને

**પ્રશ્નકર્તા :** દાદા, સાસુ તરીકે કેવા હતા ઝવેરબા ?

**દાદાશ્રી :** બાના સંસ્કાર બહુ હાઈ (ઊંચા), હાઈ લેવલ સંસ્કાર. એવી સંસ્કારી સ્ત્રી મારા જોવામાં નથી આવી. બા ઉત્તર ધ્રુવના હોય તો પાછા મારા ભાભી આવ્યા તે દક્ષિણ ધ્રુવ. બન્ને ધ્રુવ ભેગા થઈ ગયા. એટલે મેં તો આયે જોયું ને આયે જોયું. મને તો બેઉનો અનુભવ થઈ ગયો.

**પ્રશ્નકર્તા :** પણ બા કશું બોલે નહીં ?

**દાદાશ્રી :** ના, કશું નહીં. એ તો બધું એમણે સહન કરેલું.

**પ્રશ્નકર્તા :** બહુ સહનશીલતા, આવી તો મેં હજી કોઈનામાં જોઈ નથી.

**દાદાશ્રી :** હોય નહીં, અમારા આખા ગામમાં નહોતી. એમના આવા બધા સંસ્કારથી દિવાળીબા (દાદાના ભાભી) અવળા ફરી ગયા, એનો દુરુપયોગ થયો.

**પ્રશ્નકર્તા :** એમણે એવું જોયું કે આ ઢીલાશ છે અહીંયા.

**દાદાશ્રી :** હા, ઢીલાશ એટલે દુરુપયોગ થયો.

**પ્રશ્નકર્તા :** એમના બીજા ગુણો જોયા નહીં ?

**દાદાશ્રી :** એ ગુણો જોયા નહીં ને એમની નબળાઈ જોઈ. એટલે લોકો કહે કે 'સાસુ વહુને કશું કહેતા નથી. ચઢી વાગી છે વહુ !' ત્યારે બા કહે, 'હું વહુને શું કહું ?' કો'ક બહારનો કહે ને તો મને પાણી ચઢે ! એ કહેતા નહીં એટલે મને મનમાં એમ થાય કે હું કહી દઉં એમને. એટલે પછી મારે ઝઘડો થાય.

એટલે બા મનેય ના પાડે ને, કે ભાભીને નહીં કહેવાનું. પણ એ ચારિત્રબળ તો હશે જ. ચારિત્રબળ બહુ સારું, ઉત્તમ ! અમારા બાનું ચારિત્ર કેટલું ઊંચું !

**પ્રશ્નકર્તા :** તે બા તો બા જ હતા, ઝવેરબા !

**દાદાશ્રી :** એમનું (હીરાબાનું)ય ચારિત્ર ઊંચું. આમને, ઝવેરબાને ઊંચી દૃષ્ટિએ (ઊંચી આંખ કરીને કડક નજરે) નથી જોયા હીરાબાએ, (સંપૂર્ણ વિનયમાં જ રહેલા). અને બાના એ સંસ્કાર એમને (હીરાબાને)ય સારા મળ્યા. દિવાળીબાનેય સારા મળ્યા. પણ દિવાળીબા પેલો કડવો વેલો થઈ ગયેલો ને, તે એ કડવાટ ના ગઈ. બાકી ભાભી હતા યોગિણી જેવા, એમાં તો બે મત જ નહીં.

## સાસુ આવા હોવા જોઈએ

હું તોય પાછો એક ફેરો રિસાયો હતો, દસેક વર્ષની ઉંમરે.

**પ્રશ્નકર્તા :** એ પેલું દિવાળીબા જોડે દૂધ માટે થયું'તું ને. બા જોડે દૂધની ભાંજગડ થઈ'તી ને કે મને પાશેર, એમને પાશેર, સરખું નહીં.

**દાદાશ્રી :** હા, તે ભાભી અગિયાર વરસના અને હું દસ વરસનો. પછી છે તે એ આવ્યા એટલે મારે મુશ્કેલી ઊભી થઈ. મારા દૂધમાંથી મને ઓછું મળવા માંડ્યું, ભાગ પડવા માંડ્યો ને ? તે દહાડે તો એક પૈસામાં અચ્છેર (અર્ધશેર) દૂધ આવતું હતું, બે પૈસામાં રતલ. તે એક પૈસાનું હું પીતો હતો ને એક પૈસાનું એ. ભાભીનું ને મારું બેનું દૂધ સરખું હતું, અચ્છેર.

એક ફેરો અમે રાતના વાળું કરવા બેઠા ત્યારે મારી બાએ ભાભીને વધારે દૂધ આપ્યું ને મને ઓછું આપ્યું. તે પછી મને મહીં દ્વેષ આવ્યો બા ઉપર કે 'બા, તમે આવું કરો ?' એટલે મેં તો ઝઘડો કર્યો. બાને મેં કહ્યું, 'મને આવું શું કરવા ઓછું આપો છો ? મારે તો આવું ના ચાલે. હું તો મારું દૂધ જુદું લાવીશ.' એટલે બીજી જગ્યાએ ભેંસવાળાને ત્યાંથી દૂધ લઈ આવવાનું, તે વેચાતું લાવતો'તો. એમનું બીજું કોઈ આપી જતું ને હું જાતે લઈ આવતો. તે હું મારું એક અચ્છેરની લોટી દીઠ લઈ આવું. તોય આ મારા બા છે તે અમારા ભાભીને વધારે આપે મારા કરતા. એમના વાડકામાં જોઉં તો વધારે હોય, એમાં મને મહીં બળતરા થાય. આ તો વહુ થઈને આવેલા. તે તમે બેઉને સરખું આપો છો, પણ મને થોડું વધારે મળવું જોઈએ.

હું રિસાયેલો ખરો, પણ તે દિવસે સવારનું દૂધ ગયું ! તે પછી મેં તે દિવસે શું શું ગયું એનો હિસાબ કાઢ્યો. મારે તો સવારનું દૂધ ને એ બધું ગયું. આ રિસાયો તેથી આટલી ખોટ ગઈ ! માટે રિસાવું એ નર્યું ખોટવાળું છે. માટે આપણે આ બંધ કરી દો. આડું થવું નહીં.

બાને હું શું કહેતો હતો ? 'મને ને ભાભીને સરખા ગણો છો તમે બા ? ભાભીને અચ્છેર દૂધ, તે મનેય અચ્છેર દૂધ આપો છો ? એને ઓછું આપો.' મારે અચ્છેર રહેવા દેવું હતું, મારે વધારવું નહોતું પણ ભાભીને ઓછું કરો, દોઢ પાશેર કરો.

ત્યારે મને કહે, 'તારી મા તો હું અહીં છું અને એની મા અહીં નથી એટલે એને મા વગર સૂનું લાગે છે. મા વગર તે અહીં રહે છે ને, એટલે એને રાજી રાખવી પડે. પારકા ઘરની છોડી આપણે અહીં આવી તે વધારે સાચવવી પડે. એને ખોટું લાગે બિચારીને, એને દુઃખ થાય. એટલે સરખું આપવું પડે.'

તે મારી ઘરે જ સાસુ થયેલા જોયેલા મેં. સાસુનો વ્યવહાર કેવો હોય તે મેં મારી ઘરે જ જોયેલો. મેં જોયા કે સાસુ આવા હોવા જોઈએ, છોકરા કરતા વહુને વધારે ગણે !

## ઝવેરબાએ શિખવ્યું, જાણીને છેતરાવાનું

મને તો અમારા બાએ સમજણ આપેલી. એ પોતે સમજીને-જાણીને છેતરાયેલા. એટલે અમે તો નાનપણથી જ છેતરાવાની સિસ્ટમ ખોળી કાઢી, અમારા માજીએ શિખવાડેલી અમને. એ પોતે છેતરાય જાણીને ! એ બધાને સંતોષ આપે. જાણીને છેતરાઈને બધાને સંતોષ આપે. મને એ ગમેલું કે આ બધાને સંતોષ બહુ સરસ આપે છે ! ભલે છેતરાઈને, શુંય મૂડી હતી તે જતી રહેવાની હતી ? અને નહીં તોયે મૂડી ખોટમાં નથી જતી રહેતી ?

**પ્રશ્નકર્તા :** જાય જ છે ને, દાદા !

**દાદાશ્રી :** ત્યારે એના કરતા છેતરાઈને જતી રહે તો શું ખોટી ? આ કળા કેવી લાગે છે તને ?

**પ્રશ્નકર્તા :** બહુ ઉત્તમ કળા છે, દાદા. પણ એનાથી બીજો ફાયદો શું થાય છે ? મોક્ષ મળે ? એ ગુણથી ફાયદો શું થાય ?

**દાદાશ્રી :** મોટામાં મોટો ફાયદો એનાથી જ છે, આ બધા ગુણો કરતા.

**પ્રશ્નકર્તા :** દાદા, ફોડ પાડો ને, એટલે અમને ખ્યાલ આવે. કઈ રીતનો ફાયદો ? એ જરા આમ ખબર પડે ને, પદચ્છેદ કરો તો !

**દાદાશ્રી :** જો, એક તો છેતરનારો માણસ આપણને મુક્ત કરી દે.

**પ્રશ્નકર્તા :** હા, હા, એ રીતે હેલ્પ કરે.

**દાદાશ્રી :** આપણને વીંટી શકે નહીં પછી એ, કારણ કે એ જાણે કે એમને બનાવ્યા. એટલે બનનાર છૂટો થઈ જાય.

બીજું, છેતરાયો એટલે પોતાની પાસે પુદ્ગલ જે ખોટું હતું તે જતું રહ્યું. એટલે ભાર ઓછો થઈ ગયો. અને પોતાને વિચારવાનો પ્રસંગ મળ્યો કે ચાલો, હલકા થયા. હવે મોક્ષે જરા જલદી જવાશે. એવા બધા બહુ ગુણો હોય છે આ તો. એનું વર્ણન કરવા જઈએ તો આખી ચોપડી થાય. આ તો મારી શોધખોળ છે. આખી જિંદગી છેતરાયેલો છું. છેતરાવાનો શોખ છે મને. છેતર્યા નથી કોઈને. કોઈને ભગવાન થવું હોય તો છેતરાઈને ભગવાન થાવ અને કોઈને નર્કે જવું હોય તો છેતરીને થાવ. થોડુંઘણું સમજાય છે ?

**પ્રશ્નકર્તા :** હા, દાદાજી, સમજાય છે.

**દાદાશ્રી :** જાણીને છેતરાય ત્યારે ભગવાન થાય એ માણસ. જેને છેતરાવું હોય એ છેતરાજો.

## જમવાનું પૂરું થયું ને મહેમાન આવ્યા

**પ્રશ્નકર્તા :** નાના હતા ત્યારે બાએ તમને સમજણ પાડી, એવું મોટા થયા પછી તમે બાને સમજણ પાડી એવું બન્યું હતું ?

**દાદાશ્રી :** હા, એક વખત એવું બન્યું હતું. તે વખતે હું પચ્ચીસ-છવ્વીસ વર્ષની ઉંમરનો હતો. ત્યારે અમારે ઘેર એક વખત એવું બનેલું કે બપોરના બાર-સાડા બાર થઈ ગયેલા. તે

એવા ટાઈમે અમે બધા જમવા બેઠા હતા. ઘરમાં તે દહાડે અમે ત્રણ જ જણ હું, મારા વાઈફ હીરાબા અને (ઝવેર)બા હઉ હતા. આ તો અમે શહેરમાં રહીએ, તે ગામમાંથી કોઈક ને કોઈક અવારનવાર અમારે ત્યાં આવ્યા જ કરે. તે એવા ટાઈમે એટલીવારમાં બહારથી ભાદરણના ત્રણ-ચાર જણ મહેમાન આવ્યા ! બીજા ત્રણ જણ જુદા પણ અમારા એક મામા હતા એમાં. તે પેસતા જ બોલ્યા, 'ભાણાભઈ, અમે આવ્યા છીએ, જમવાના છીએ.'

હવે જમતા પહેલા જો ચાર જણ આવ્યા હોત ને, તો અમે એ જમવાનું બધું રહેવા દઈને બીજું સરપ્લસ કરી અને થોડીવાર પછી સાથે બેસત. પણ આ તો અમે જમી રહ્યા ને તરત જ આવ્યા. અંદર બધું શાક-બાક, દાળ-બાળ તપેલીઓમાં થોડું થોડું રહ્યું હતું, બધું ખલાસ થવા આવેલું. હવે જમી રહેવા આવ્યા હતા એટલે તપેલીમાં વાટકી દાળ પડી હતી ફક્ત, તે પેલી બાઈ લઈ જાય એટલી જ. ભાત, પેલી બાઈ લઈ જાય એટલો જ વધ્યો હતો. અમારા ચાર જણ (પોતે-ત્રણ, ચોથી-કામવાળી બાઈ) પૂરતું બનાવે અને બીજા બે આવ્યા હોય તો બનાવે વધારાનું. નહીં તો આ લોકોને શહેરમાં તો વધારે બનાવીને ઢોળવા-કરવાનો રિવાજ જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** એટલે પેલા આમ ઓળખાણવાળા અને તે ખાસ સગાંવહાલાં જ હોય તે બોલે તો ખરા ને ? હજુ જમવાના છીએ અમે, એવું બોલે ને, ગમ્મત કરે ને ? એટલે ઘરમાં પેસતા મેં જોયા, એટલે મેં બૂમ પાડી, મેં કહ્યું, 'આવો, આવો, પધારો, પધારો. બેસો ત્યાં આગળ.' એટલે આગલા રૂમમાં બેઠા.

## પહેલીવાર જોઈ બાની નબળાઈ

ઉનાળાનો સખત તાપ, માજી મારા સામું જમવા બેઠા'તા. મને કહે છે, 'આ ક્યાં આવ્યા અત્યારે ?' શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** આ ક્યાં અત્યારે આવ્યા ?

**દાદાશ્રી :** પેલા લોકો સાંભળે એવું નહીં પણ આમ હાવભાવ ઉપરથી સમજી ગયો કે શું કહેવા માગે છે ? પેલા લોકો તો આગળના રૂમમાં છે તે પોતાના કપડાં બદલતા હતા, બિસ્તરા મૂકતા'તા. એમને ખબર નહીં કે આ શું કહે છે ? પણ હું માજીના હાવભાવ સમજી ગયો. એટલે માજીને મેં કહ્યું, 'બેસો, હમણાં શાંતિ રાખો.' ઈશારાથી આમ કર્યું એટલે સમજી ગયા.

અમે તો વૈષ્ણવ ડેવલપમેન્ટ(વિચારધારા)ના, તોય બા હતા ને, તે એટલા બધા સુંદર સ્વભાવના હતા. તે અમારા બાનું તો મન ક્યારેય સહેજેય બગડેલું જ નહીં ને, પણ તે દહાડે બગડ્યું ! એમના મોઢેથી મેં નબળાઈ સાંભળી એક ફેરો, ત્યારે થયું કે આ આમનું મન બગડે છે ! આવા બા તો મેં ક્યાંય જોયા જ નથી ! અડતાલીસ વર્ષ એમની જોડે રહ્યો પણ એમનો કોઈ દોષ મેં જોયો નથી. પણ એમનો એક જ ફેરો દોષ જોયેલો, તે ઘડીએ કે પોતાની મતિથી કે ગમે તે હોય પણ બાથી સહેજ બોલાઈ ગયું ! કે 'આ રડ્યા અત્યારે ક્યાં આવ્યા !' બા અંદરખાને બોલ્યા તે હું સાંભળી ગયો.

## બાની ધીરજ ખોયેલી દેખી

અમારા બા બહુ જ ખાનદાન હતા. બાનો સ્વભાવ બહુ ઉમદા હતો. અમારા બા બહુ મોટા મનના, બહુ દિલદાર મનના, બહુ લાગણીશીલ અને એ તો સાવ દેવી જેવા ! સંસ્કાર તો મને

એમણે આપેલા. તોય એમનું મન છે તે ત્યારે તૂટી ગયું અને એમની લાગણીઓ તે ઘડીએ જતી રહી. જે કોઈ દહાડો ના બોલે, એ પોતે મને કહે છે, 'આ રડ્યા અત્યારે કંઈ આવ્યા ?' એ તો નોબલ (ઉદાર) હતા, પણ મને એમની આ નોબિલિટી રુચિ નહીં.

હવે જેને હું મહાનમાં મહાન આત્મા માનું અને જે બાએ મને સંસ્કાર આપ્યા હતા, એ બા એટલા બધા મનુષ્ય પ્રેમી કે આખી જિંદગી એમાં અર્પણ કરી છે એવા, એમની પણ જ્યારે ધીરજ ખોયેલી દેખી એટલે મને ગભરામણ થઈ ગઈ કે આ શું બોલી રહ્યા છે ?

એટલે મારા મનમાં અસર થઈ ગઈ કે આવા ખાનદાન માણસ જો આવું બોલતા હશે, તો બીજા લોકોનું તો ગજું શું તે ? આવા અસલ ખાનદાન મેં તો મારી જિંદગીમાં જોયા, તે મને થયું કે એ આવું બોલે ! જે મને એમ કહેતા હતા કે કોઈ ઢેખાળો મારે તો માર ખાઈને આવજે પણ મારીને ન આવીશ, એ પણ આવું બોલે છે ? એમની પણ આટલી બધી હીનતા આવી ગઈ છે ! એનું કારણ શું ? એમને આવો વિચાર આવ્યો !

## થાક્યા હતા, પણ ભાવ નથી બગડ્યા

પછી મેં તપાસ કરી કે એ શા હારુ બોલ્યા એવું ? કે હવે થાક્યા તો છે, તે બાને બિચારાને કામ ન થાય પણ એમના મનમાં એમ કે અમારી વહુને ખાવાનું બનાવવું પડશે, કેટલી મુસીબત ! એટલે બિચારા એ બોલ્યા.

આજે સવારથી કામમાં આખો દહાડો થાક્યા હતા અને પાછું આ હારુ કરવું પડશે આનું. કારણ કે એવા સંજોગોમાં એ આવ્યા હતા કે બિચારા થાક્યા હોય તે અને પાછું હવે આ બનાવવાનું થશે. એટલે એમના મનમાં ગૂંચાયા. અને હું પણ જાણું કે બા ને હીરાબા થાકી ગયેલા, હું જાણી ગયો, તે આ હવે કરશે કોણ ? તે મેં કહ્યું કે તમારાથી ના થાય તો હું કરીશ. અને એમને મદદ તો કરવા લાગવું પડે ને બિચારાને !

સમયના આધારે આપણે સમજી જઈએ ને, કે હવે અત્યારે આવ્યા છે. એટલે પછી બાના મનમાં થયું કે 'અત્યારે તો આ દાળેય નથી, કશું નથી, વહેલા આવ્યા હોત તો, આપણા જમતા પહેલા આવ્યા હોત તો દાળ આઘીપાછી કરીને, થોડી ઓછી લઈને પણ આપણે ભેગે-ભેગું બધું ઉકેલ લાવી નાખત.'

આ દાળ થોડી હોત તો ભાત મૂકી દેત. બીજું આ તો દાળેય કરવી પડશે. અત્યારે દાળ ખલાસ થઈ ગઈ છે અને પાછો બપોરે જરા સૂવાનો વખત થયો ત્યાર હોરો આ આવ્યા. હવે ફરી દાળ કરીશું ક્યારે ? દસ વાગે આવ્યા હોત તો ના બોલત. અત્યારે આ ફરી કરવું પડે ને, તેની ઉપાધિ મનમાં. એટલે શું કે ચોખા-દાળની પડેલી નહીં પણ મહેનતની પડેલી. એટલે હું મનમાં સમજી ગયો કે આ લોકોને આ મહેનત ફાવતી નથી. શરીરમાં નબળાઈ થઈ ગઈ છે. કોઈ દહાડોય આવું ના બોલે એવા બા, તે આવું કહે ! મોઢે પાછા સરસ બોલાવે કે 'આવો પધારો', આંખ્યું સરસ રાખીને, પણ મનમાં 'આ રડ્યા અત્યારે કંઈથી આવ્યા ?'

મેં કહ્યું, 'આવું ? શું બોલ્યા આ ?' ધીમે રહીને કહ્યું. પેલા તો બહાર બેઠેલા. મેં કહ્યું, 'આ તમે ? તમે મને શિખવાડો આવું, ના શોભે આવું.' એટલે પછી તરત વળી ગયા. 'નહીં, કશું નહીં' કહે. એટલે હું સમજી ગયો, એમનો કંઈ દોષ નથી. 'હવે આ બધા થાકેલા છે, મનમાં થાકેલા છે. બીજો કંઈ ભાવ બગડ્યો નથી આ.'

તે પછી મેં કહ્યું, 'હું બધું કરી આપીશ. તમે આરામ કરો. સાદું કરીશ, પછી મેં બનાવી આપ્યું. મારી-ઠોકીને શીરો-બીરો હલાવી કરીને આપ્યો બધો. આમ છે તો થોડી કઢી હલાવી નાખી, આટલો શીરો બનાવેલો ને થોડીક ખીચડી મૂકી દીધી. અને દાળ-ભાત રામ તારી માયા ! 'આ સહેલું સટ્ટ, પેલી શી ઉપાધિ !' મેં કહ્યું. પછી એ બધા માણસો જમ્યા-કર્યા. શીરો ખાઈને ખુશ થઈ ગયા એ લોકો.

બપોરે બાર વાગ્યા પછી જો કોઈ પણ માણસ આવેને, જો તમારે તબિયત નરમ હોય તો સૂઈ રહેવું, હું જાતે બનાવી આપીશ. આવ્યો એટલે ભાવ બગાડવાના નહીં, નહીં તોય જમાડવો તો પડશે જ પણ ભાવ બગાડીને જમાડવો એ મને પોસાશે નહીં. આચાર બગડશે તે ચાલશે પણ તમારું મન બગડશે તો હું વૈરાગ લઈ લઈશ.

આટલી ધમકી મેં એમને આપેલી. ત્યાર પછી એમણે નથી કર્યું. એટલે ત્યાર પછી એ ઘરમાં અભાવ પેઠો નથી જરાકેય. કેમ શોભે આપણને ? ત્યાર પછી બધા ફરી ગયેલા. કારણ કે એમને ભડક પેસી ગઈ કે આ વૈરાગ લઈ લે તો. તે ત્યાર પછી આજ સુધી ઘેર વાતાવરણ એવું થઈ રહેલું. કોઈ પણ આવે તોય ભાવ બગડ્યો નથી. મેં કહ્યું તે પછી ઘણા વર્ષો સુધી રહેલું, મનેય બગડેલું નહીં.

## જગત પ્રેમ ખોળે છે, વસ્તુ નહીં

જગત પ્રેમથી જે આપો તે ખાવા તૈયાર છે. આ લોકો જમણ જમાડે છે એનાથી કંટાળી ગયા છે. પ્રેમનો રોટલો લોકોને પસંદ છે. માટે પ્રેમથી રાખેલું બહુ થઈ ગયું.

પ્રેમની જરૂર છે, બીજી કશી જરૂર નથી. જગત પ્રેમ ખોળે છે, વસ્તુ ખોળતા નથી. હવે તું ત્યાં રસોઈ માગું છું ? પ્રેમ તારા પર રાખે એટલે તને લાગે કે બહુ સારું છે. કંઈ વગોવું નહીં ને, ખીચડી-કઢી ખવડાવે તોય ? હા, અને વગોવે તેનોય વાંધો નહીં. એ તો ગમે તે હોય તોય પણ પ્રેમથી ખવડાવો. હા, માણસને ભૂખના ટાઈમે ખોરાક જોઈએ. શું એને ઘેર ખીચડી-કઢી નથી ખાતો, તે આપણે ત્યાં ના ખાય ? એને ત્યાં રાતે ખાતો હોય, તો આપણે દહાડે ખવડાવીએ. જે હોય તે મૂકવાનું, હાજર સ્ટૉક જે હોય તે. આપણે પ્રેમ એ જ જમણ !

**પ્રશ્નકર્તા :** સ્ટૉક જ ન હોય તો ?

**દાદાશ્રી :** શેનો ?

**પ્રશ્નકર્તા :** એ રોટલા-રોટલી, કંઈ હોય જ નહીં તો ?

**દાદાશ્રી :** ના હોય તો શું વાંધો છે ? આપણે કહીએ, 'બેસો બા, જમવાનું કંઈ છે નહીં, આજ ખાલી છે. તે હમણે ભૂસું-બૂસું એવું કંઈ મંગાવીએ છીએ. આ છ એક આના મારા ગજવામાં છે, આપણે બધા જ ખાઈ લઈએ. હેંડો, ચા ને નાસ્તો કરી લઈએ.'

આપણે ત્યાં છે તે ભાવ ના બગાડાય. આપણે કોણ માણસ ! ક્યાં આપણો વ્યવહાર ! નિશ્ચય ના હોય તો ભલે પણ વ્યવહાર તો ઊંચો હોવો જોઈએ ને ? આ જ મોટામાં મોટું તપ છે. તે પછી આ નિયમ એમણે આખીય જિંદગી પાળ્યો. પણ આ બનાવથી એમને ખૂબ જ પસ્તાવો થયેલો. આ તો એ મહેમાન આવ્યા તે વ્યવસ્થિત, રહ્યા તે પણ વ્યવસ્થિત અને ગયા તેય વ્યવસ્થિત. તો પછી અવળો વિચાર આવે ? ના જ આવે. પાછો એ જે ખાય છે એ એના હક્કનું જ ખાય છે, તો પછી એના માટે અવળો વિચાર જ ના આવે ને પ્રેમથી જમીને જાય.

### 'અમે' નાના છતાંય બા પૂછતા

**પ્રશ્નકર્તા :** દાદા, એવું પણ સાંભળ્યું છે કે તમે નાના હોવા છતાં બા તમને પૂછતા !

**દાદાશ્રી :** હા, એક વખત વ્યવહારમાં કોઈકને આપવાનું થયું ત્યારે અમારા બાએ મને પૂછ્યું કે 'આ વ્યવહારનું શું કરીશું ? શું આપું ?' તે મેં કહ્યું, 'બા, તમે આ નાની-નાની બાબતમાં મને શું પૂછો છો ? તમે એંસી વર્ષના, હું ચુમાલીસ વર્ષનો, તે મારા કરતા તમે વધારે જાણો. માટે તમને જે ફાવે એ કરવાનું.' તો બા કહે છે, 'ના, પૂછાય તને. ફાવે એવું ના કરાય.' 'એંસી વર્ષનો સુથાર અને પાંચ વર્ષનો ઘરધણી' પણ ઘરધણીને પૂછવું પડે. હું ગમે તેવી તોય સુથાર જ ગણાવ.

### બાનો ઉપકાર, પરદેશ જવા ના દીધા

**પ્રશ્નકર્તા :** બાના બીજા પ્રસંગો હોય તે કહો ને, દાદા.

**દાદાશ્રી :** આઈ.વી.પટેલ મને આફ્રિકા લઈ જવાના હતા. તે ત્યાંની કોઈ કંપનીમાં મને ઘાલવા ફરતા હતા. પણ મને થયું કે ત્યાં મારે નોકરી કરવી પડશે, તે પાછા મને ટૈડકાવે. મારા મધરનેય એમ હતું કે પરદેશ નથી મોકલવો.

**પ્રશ્નકર્તા :** કેટલા વર્ષની ઉંમરના હતા ત્યારે ?

**દાદાશ્રી :** અઢાર વર્ષનો હતો ત્યારથી મોકલતા'તા, આફ્રિકા જવા માટે...

**પ્રશ્નકર્તા :** મૂળજીભાઈ મોકલતા'તા ?

**દાદાશ્રી :** મૂળજીભાઈના મામાના દીકરા થાય આઈ.વી.પટેલ. તે પછી આઈ.વી. કહે છે, 'હું લઈ જઉં અંબાલાલને ?' એ તો પછી બાએ ના જવા દીધો. બા કહે છે, 'મારે પરદેશ નથી મોકલવો, મારે અહીંયા આગળ સારું.' મારે તો વધારે જોઈતું જ નથી. ધંધો ચાલે કોન્ટ્રાક્ટનો બધો, તે ઑલરેડી (બરાબર). બીજું, ઘેર આ તરસાળીમાં (૫-૭ વીઘા જમીનની) જરા આવક હતી અને અહીંની (૧૦ વીઘા ભાદરણમાં જમીનની) આવક હતી.

**પ્રશ્નકર્તા :** તે બાએ આખા જગત ઉપર બહુ મોટો ઉપકાર કર્યો !

**દાદાશ્રી :** બા તો મને ખસવા જ ના દે. મારા વગર ગમે નહીં બાને. ત્યાં ગયા હોત તો બહુ ત્યારે પૈસાવાળા થયા હોત તો પૈસાવાળા થઈનેય લોકોની પાછી ગુલામીઓ કરો. મેલ છાલ, આ શી વળગણો ? ભગવાનને ખોળી કાઢવાની ઈચ્છા નાનપણથી. તે ગોલના (ધ્યેયના) સ્ટેશને પહોંચી ગયા. જે લોકો, જગત આખુંય ખોળે છે એ જગ્યાએ આપણે પહોંચી ગયા એટલે નિરાંત થઈ ગઈ, કામ પૂરું થઈ ગયું.

### 'મારે તો તું આવ્યો એટલે બસ'

અમારા બાને ઉંમર બહુ થઈને, તે પછી બા છોંતેર વર્ષના હતા ત્યાંથી છેલ્લા આઠ વર્ષ હું એમની પાસે જ રહ્યો'તો. કારણ કે એ 'મારો અંબાલાલ, મારો અંબાલાલ, મારો અંબાલાલ' કર્યા કરે. બીજું કશું જોઈએ નહીં. મારું મોઢું જુએ કે ખુશ ! એટલે રાત્રે એ ઘણા ફેરા ઝબકીને ઊઠે આમ, 'મુંબઈથી આવ્યો નહીં, મુંબઈથી આવ્યો નહીં.' એટલે પછી અમારા ભાગીદારને મેં કહ્યું, 'થોડો વખત આવી જઈશ, પણ ખાસ કરીને અહીં બા પાસે રહીશ.'

હા, મધર તો બહુ સારા. મારા વગર જરાયે ગમતું નહીં એમને. બહારગામથી મારે આવવું પડેલું. ત્યાં એમની પાસે રહેવું પડે. 'બીજું બધું કરજે. પૈસાય મારે ના જોઈએ, કશુંય જોઈએ નહીં

આ.' પૈસા તો કોઈ દહાડો માગ્યા જ નથી, કોઈ દહાડોય નહીં. આપીએ તો કહે, 'મારે પૈસા શું કરવા છે ? મારે તું આવ્યો એટલે બહુ થઈ ગયું !'

મેં કહ્યું, 'બા, તમારે પૈસા કેમ જોઈતા નથી ?' તો કહે, ''આપણી કહેવત છે કે 'બાપ જુએ લાવતો અને મા જુએ આવતો.' હું તો તું આવું એટલે બસ થઈ ગયું.'' અને બાપ તો શું લાવ્યો, એ પૂછ પૂછ કર્યા કરે. મુંબઈથી આવ્યો તે કશું લાવ્યો કે ? અત્યારે એવું નહીં હોય ને ? માએ લાવતો જ જુએ ?

બાને છે તે ચોવીસ કલાક અંબાલાલ યાદ રહે. હું ત્યાં મુંબઈ જઉં તો એમનાથી રહેવાય નહીં, સહન ના થાય. બીજું કશું જ જોઈએ નહીં, અંબાલાલ જોઈએ બસ. ચોવીસેય કલાક, ધ્યાન જ એનું એ, જ્યારે જુઓ ત્યારે એ જ ધ્યાનમાં હોય. એટલે મારે છેલ્લા સાત-આઠ વર્ષ અહીં રહેવું પડ્યું ધંધો છોડીને. એમની જોડે જ બેસી રહેતો. તે પછી મંત્રો બોલાવું, બીજું બોલાવું, ત્રીજું બોલાવું.

## 'દર્શન કરવા જેવો તું એકલો જ'

બા તો બહાર કોઈ દહાડો મંદિરે દર્શન કરવા નથી ગયા. આઠમ હોય કે ગોકુળ આઠમ હોય, બધા ભાઈબંધો શું કહે કે કાલે બાને દર્શન કરાવવા હું ગાડી મોકલીશ. ત્યારે મને કોઈ માણસની ગાડી લેવી એ પ્રિય નહીં. એટલે પછી બાને મેં કહ્યું, 'કાલે દર્શન કરવા જવા ગાડી જોઈતી હોય તો...' ત્યારે બા કહે, 'ભઈ, મારી જિંદગીમાં તો હું એક જ માનું છું કે દર્શન કરવા જેવો હોય તો તું એકલો જ છું !'

મારે દર્શન કરવા કોઈ જગ્યાએ જવાનું નથી. તે અમારા ઘરમાંથી અમે બેઉ જણ દર્શન કરવા ગયેલા નહીં કોઈ જગ્યાએ. બા કહે, 'દર્શન કરવા તો તું ઘરમાં જ છું, પછી મારે દર્શન કરવા શું કામ જવું ? મારે દર્શન કરવા બહાર જવાની જરૂર જ નથી.' એટલે બા કોઈ દહાડો દર્શન કરવા નથી ગયા. બાને તો આ જ દર્શન, આ જે કહો તે આ જ.

## દાદા ભગવાનને ઓળખી લીધા હતા

લોકો કંઈ દેહને નમસ્કાર કરે છે ? ના, એ તો પૂજ્ય ગુણોને લઈને નમસ્કાર કરે છે. અમે અમારા બાને કહેલું, 'હવે તમારે બહાર દર્શન કરવાની જરૂર છે નહીં. હવે ઘરમાં જ દર્શન કરજો.' તે અમારા બા રોજ અમને નમસ્કાર કરતા.

બા તો કમ્પ્લીટ માનતા'તા, કે 'તું ભગવાન, મારો ભગવાન તું છું.' મેં કહ્યું'તુંય ખરું કે 'તમારે ત્યાં ભગવાન આવ્યા છે.' ત્યારે એ કહે, 'હા, મારે ત્યાં આવ્યા છે.' બા માનતા'તા, પણ બીજા બધાને શી રીતે સમજણ પડે, બિચારાને ? સમજણ પડવી જોઈએ કે ના પડવી જોઈએ ? સમજણ પડ્યા વગર શું કરે તે ? હીરો હોય તોય લઈ જાય પેલો, બે બિસ્કિટ આપીને. લઈ લે ને કે ના લઈ લે ?

**પ્રશ્નકર્તા :** લઈ લે.

**દાદાશ્રી :** આ દુનિયાની અજાયબી કહેવાય આ દાદા ભગવાન !

## મન ના દુભાય, એવા દાદાના પ્રયોગો

**પ્રશ્નકર્તા :** દાદા, તમેય બાને બહુ સાચવતા ને ?

**દાદાશ્રી :** હું વડોદરામાં બહાર નીકળું તો મારું સર્કલ એવું તે કોઈ જગ્યાએ ફ્રેન્ડને ત્યાં ગયો હોય, તે ફ્રેન્ડને ત્યાં કોઈ ગેસ્ટ આવ્યા હોય તો કહે કે 'આજ તો જમવા બેસી જ જાવ. તમારે બેસવું જ પડે, ચાલે જ નહીં. આજે આ એકદમ

જ નવી જાતની કેરી લાવ્યા છીએ, તમે બેસી જાવ.' તે પેલો મંડે એટલે પછી એને ના પાડું નહીં. ત્યાં એક પૂરી ને આટલો રસ જરા જરા ત્યાં ખઉં. અને હું કહું કે 'મારી તબિયત જરાક નથી સારી, તબિયત બરાબર નથી.' તે ત્યાં આટલા પ્રમાણમાં લઉં.

પછી બીજી જગ્યાએ ઓળખાણવાળો હોય ત્યાં ગયો તો કહે, 'આજ તો તમે જમીને જાવ.' તે ફરી કોઈ દહાડો તાલમાં આવ્યો હોય તો બીજી જગ્યાએય ખઈ લઉં, પણ પહેલેથી હું લઉં આટલું જ. હું જાણું કે આ તો બધો ખેલ છે આપણો.

પછી ઘેર આવું ત્યારે બાની જોડે જમવાનું જ, નહીં તો બા જમ્યા વગર બેસી જ રહ્યા હોય ! અને પાછો ઘેર આવું ને ના ખાઉં તો બાને ખોટું લાગે. બા કહે, 'તું મારી જોડે ખાતો નથી, હું તારી જોડે ખઉં.' એટલે પાછો બા જોડે ખઉં !

**પ્રશ્નકર્તા :** તે બા જોડે ના ખઈએ તો ના ચાલે ?

**દાદાશ્રી :** ના, એ તો હું ના ખાઉં તો બાનું મન દુખાય. એટલા માટે તો હું પેલાને ત્યાં થોડું થોડું ખઉં, આટલું આટલું અને ઘેર આવીને થોડુંક ખઉં. નાનપણથી આવો પ્રયોગ કરેલો. બપોરે જમવાનું એક વખત હોય તેને બદલે ત્રણ વખત ખાતો'તો, હું. એક જગ્યાએ સાડા અગિયાર, બીજી જગ્યાએ બાર, ત્રીજી જગ્યાએ સાડા બારે જમતો હતો.

### ત્રણેયના મનના સમાધાન માટે

**પ્રશ્નકર્તા :** પણ એ વખતે ત્રણ જગ્યાએ જમવાનું એવું શાથી ?

**દાદાશ્રી :** બહુ જે મંડ્યો હોય તેના મનના સમાધાન માટે. પછી બીજો કોઈ કહેતો હોય તેના મનનું સમાધાન કરવા અને પછી બાની જોડે.

**પ્રશ્નકર્તા :** ત્રણેયના મનના સમાધાન રાખવા માટે ?

**દાદાશ્રી :** હા, પહેલાને ત્યાં એક રોટલી ખઉં, બીજાને ત્યાં એક રોટલી ખઉં અને છેવટે બે રોટલી ખાઈએ, પણ બધાને રાજી રાખતો'તો. ભઈબંધનેય રાજી રાખતો'તો, પેલા બીજાનેય રાજી રાખતો'તો ને બાનેય રાજી રાખતો'તો. મારા જેવું તો કોઈ કરતો જ નહીં હોય આવું તો.

**પ્રશ્નકર્તા :** પણ બાને ના રાજી રાખીએ તો ચાલે.

**દાદાશ્રી :** પણ બાને તો ચાલતું હશે ? અને પેલા ફ્રેન્ડનેય રાજી રાખવો પડે. કારણ કે એને તો કો'ક દહાડો ગેસ્ટ આવ્યા હોય ને મારા જેવાને ના બેસાડે તો એને બિચારાને પાછું મનમાં દુઃખ થાય.

**પ્રશ્નકર્તા :** એટલે જ્ઞાન પછી આવું બધું કે પહેલેથી ?

**દાદાશ્રી :** જ્ઞાન પહેલા, જ્ઞાન પછી તો એવું હોય જ નહીં ને ! કોઈને ત્યાં ખાવાય નહીં જવાનું. પછી તો જમવાય નહીં બેઠેલા ને ! (૧૯૬૮માં મુંબઈમાં માસીબાને ત્યાં શરૂ થયું.) અને અત્યારે અમે જમીએ તો કોઈ વઢે નહીં. જ્ઞાન પહેલા આ બધું બાના સમાધાન માટે, ઘૈડા બાને. એટલે આવી રીતે ત્રણ વખત ઘણી ફેરા જમવું પડતું મારે, પણ એમના મનનું અસમાધાન ના થાય એટલા માટે ઘેર જમતો હતો. સહેજેય મનને એ ન થાય. એમને પહેલા ના કહી દઉં ને જો માને તો ઠીક છે. 'મારી તબિયત બરાબર નથી' એમ કહું પણ તેમ છતાંય કહે, તો પછી ખાતો.

### જમવાનું પ્રમાણ એનું એ જ

**પ્રશ્નકર્તા :** તોય પેલું જમવાનું પ્રમાણ ફેરફાર ન થાય, ખોરાક લેવાનું પણ પ્રમાણ સાચવીને !

**દાદાશ્રી :** પ્રમાણ એનું એ જ, પ્રમાણ બહાર ન જાય. ગમે એવું સ્વાદિષ્ટ હોય તોય ના જાય. એ પ્રમાણ સાચવવા માટે આ ખવાય એવી ચીજ છે, ઘઉંની હોય તોય બાજુમાં મૂકી દઉં અને તેમ છતાંય ત્રણ વખતમાં મહીં વખતે અજીર્ણ થઈ ગયું ત્યારે સાંજે કહીએ કે 'આજ તબિયત બગડી છે, સાંજે નથી ખાવાનું.' પણ કોઈને એ (દુઃખ) નહીં થવા દેવાનું. બાને તો મેં આટલુંય ખોટું નહીં લગાડેલું, આખી જિંદગીય. આવા બા મળે નહીં. કોઈ દહાડો જોવા ના મળે એવા બા ! તેને છે તે આવું કરું તો મારું શું થાય ? એટલે ત્રણ-ત્રણ વખત ખાતો'તો.

## રાજી રાખીને કામ લેવાનું છે

પછી છેવટે બાને કહેલું પણ, કે હું ત્રણ-ત્રણ વખત ખઉં છું તમારે લીધે. બા કહે કે શાથી ભાઈ ? મને પૂછે એ પાછા. હીરાબા એમને પાછા શિખવાડે ને કે 'કેમ ઓછું ખાવ છો, તમારે ખવાતું કેમ નથી,' એવું કંઈ પૂછો જોઈએ. હીરાબા જાણે કે બહાર ખઈને આવ્યા છે. તે બા મને પૂછે, 'કેમ ખવાતું નથી તારાથી ? કેમ ભઈ આજ નથી ખવાતું ?' હું કહું, 'જરાક એવું છે ને !' એટલે એ સમજી જાય પછી. પછી કહી દઉં કે બહાર બળ્યું મારે ખાવું પડે છે ને તમારી જોડે ખાવું જ પડે, શું થાય તે ! જો રાજી રાખીને બધું કામ લેવાનું છે, બને એટલું. બીજું બધું વ્યવસ્થિતના તાબામાં. ઠોકર મારીને ચાલીએ એ ના ચાલે. તને કેવું લાગે ?

**પ્રશ્નકર્તા :** બરોબર, દાદા.

## તટસ્થતાથી બાનું નિરીક્ષણ

**પ્રશ્નકર્તા :** ઝવેરબા કઈ સાલમાં ગુજરી ગયેલા ?

**દાદાશ્રી :** ૧૯૫૬માં, હું અડતાલીસ વર્ષનો થયો ત્યાં સુધી રહેલા.

**પ્રશ્નકર્તા :** એટલે બા ગયા પછી જ્ઞાન થયું ?

**દાદાશ્રી :** બા ગયા પછી બે વર્ષે જ્ઞાન થયું. બા તો મૂર્તિ કહેવી પડે !

મારા મધરની ત્યારે ચોર્યાસી વર્ષની ઉંમર હતી. રોજેય એવું કહે, 'મને આંખે દેખાય છે ત્યાં સુધી મને કશું હરકત નથી.' અને થોડું ખવાય, હરાય-ફરાય નહીં, તે હું પાસે બેઠો બેઠો શું કરું ? રોજ સહજાત્મ સ્વરૂપનો મંત્ર બોલાવ્યા કરું. હું બોલાવું તો એ બોલ્યા કરે. મને જ્ઞાન થયેલું નહીં તે વખતે. આમ તો એમના મનમાં ઈચ્છા એવી કે મારે આંખો હજુ સારી છે એટલે મારે વાંધો નથી. મેં એક ફેરો પૂછેલું, 'બા, જવું છે હવે ?' ત્યારે કહે, 'ના, શરીર સારું છે. મારી આંખો-બાંખ્યો સારી છે.' એટલે હું સમજી ગયો કે મહીં દાનત નથી એમની જવાની. 'મને આ ગોઠી ગયું છે' કહે છે. ચોર્યાસી વર્ષ થયા, આટલા ગપોટિયા તોય છે તે હજુ 'ગોઠી ગયું' એ છૂટતું નથી.

હવે મને તો માતૃપ્રેમ હોય જ ને ? માતૃભક્તિ હોય ને ? પણ શા માટે ? આ તટસ્થ રીતે હું જોઉં કે ઓહોહો ! મનુષ્યોના સ્વભાવ કેવા હોય છે ! કેવા મોટા, મહાન ! આવડા મોટા નોબલ માઈન્ડના હતા, હવે તે પણ કહે છે કે 'મારે તો હજુ આંખ્યો સારી છે ને !' એટલે મેં કહ્યું, 'દાનત છે એમની જીવવાની.'

## 'આજે બાએ સહી કરી'

આ તો હું શોધખોળ કર્યા કરું રોજ, દરેક બાબતમાં શોધખોળ કરતો'તો. એટલે મારે ત્યાં અમારા મામાના દીકરા રાવજીભાઈ આવ્યા હતા. ઉંમરમાં મારાથી ચાર-પાંચ વર્ષ નાના હતા. એટલે હું અને રાવજીભાઈ, અમે બેઉ એક દહાડો બહાર સાથે સૂતા હતા જોડે જોડે.

## મધર છેલ્લી સ્થિતિમાં હતા ત્યારે...

તે અમારા બા હતા ને, તે ચોર્યાસી વર્ષે ઑફ થઈ ગયા. બાને એ વખતે તો તબિયત બહુ સરસ આમ ! અમારા બાનો છેલ્લો કાળ હતો, પથારીવશ હતા ને, ત્યારે મરણના બે કલાક પહેલા પૂછયું કે કોણ કોણ બેઠા છે ? એમણે આંખો ખોલીને બધે જ જોયું કે કોણ કોણ છે તે ! અમારા મામી હતા ને એમનો છોકરો હતો. મેં કહ્યું, 'આ જેરામભઈ.' તો કહે, 'હા... હા, બેસો.' અને બે કલાક પછી તો મહીંથી ચાલવાની તૈયારી કરી દીધી. અને પછી એમના શ્વાસોશ્વાસ જોશથી ચાલવા માંડ્યા, એટલે હું જાણી ગયો કે આ તૈયારી કરી છે. આ હવે જાય છે. તે મેં બધાને કહ્યું, 'તૈયારી છે આજની.'

પછી મેં કહ્યું, 'તમે તમારી વિધિ કરજો, નવકાર મંત્ર બોલજો અને હું મારી વિધિ કરું છું.' હીરાબાને બેસાડ્યા સામા ને પછી બધી વિધિઓ કરવા માંડી. તે મેં દોઢ-બે કલાક વિધિ કરી. પછી વિધિઓ પૂરી થયે બા ગયા.

અમે તો રાતે બાર વાગેલા, તે સૂઈ ગયેલા. તે અમારા બાને છે તે એક દહાડો રાત્રે બાર-એક વાગ્યો હશે ત્યારે કંઈક ચૂક આવી હશે, એટલે એ ધીમે રહીને બોલવા માંડ્યા, અંદર. તે રાતે એક વાગે હું જાગી ગયો ત્યારે એ મહીંથી બોલતા'તા, 'હે ભગવાન, હવે તું લઈ લે મને. હવે છૂટાય તો સારું ! હવે છોડ.' એટલે પછી મેં રાવજીભાઈ જોડે સૂતા'તા, તેમને ઊઠાડ્યા તે ઘડીએ ગોદા મારીને. મેં કહ્યું, 'જુઓ, આ બાએ સહી કરી આપી ! હું રોજ કહું છું સહી, તે આજ સહી કરી આપી. સાંભળજો.'

તે બા ફરી બોલ્યા, 'હે ભગવાન ! તું લઈ લે.' બે વખત બોલ્યા. બીજી વખતમાં એ (રાવજીભાઈ) સાંભળી ગયા. મને કહે, 'કેમ આમ બોલ્યા ? આવું બોલ્યા ?' મેં કહ્યું, 'કંઈ દુઃખ થાય ત્યારે બોલે ને !' કારણ કે મહીં દુઃખ થાય તે સહન ના થાય ત્યારે માણસ ભાવ કરી નાખે કે 'બળ્યું, છૂટાય તો સારું.' તે સહી કરી આપે. પણ જો બાએ સહી કરી આપી. આવી રીતે જ (કુદરત) સહી કરાવી લે છે. મહીં એવો ગોદો મારી આપે ને તમારી પાસે સહી કરાવી લે. પછી સહી કરી આપે કે ના કરી આપે ?

એટલે તે દહાડે સવારમાં મેં રાવજીભાઈને, હીરાબાને, બધાને કહેલું કે 'હવે થોડા દહાડાના મહેમાન છે બા. અત્યાર સુધી આ ફોર્મ ઉપર સહી નહોતી કરી, હવે સહી કરી આપી. એટલે હવે તૈયારી છે. હવે પાંચ-દસ દહાડામાં પેલા (જમરા) લેવા આવશે. આ કહ્યું તે એમણે સહી કરેલી છે. હવે પંદરેક દહાડા કાઢે. માટે હવે પંદર દહાડા સુધી ધ્યાન રાખતા રહેજો. માટે પંદર દહાડામાં તૈયારી કરો, વિધિન ફિફ્ટીન ડેઝ.'

## મધરના પ્રેમે રડવું આવેલું

**પ્રશ્નકર્તા :** દાદા, તમને કોઈના મૃત્યુની એવી કંઈ અસર થયેલી ?

**દાદાશ્રી :** ૧૯૫૬માં થયેલી, જ્ઞાન થતા પહેલા અમારા મધર ઓફ થઈ ગયા'તા ત્યારે. તે દહાડે રડવું આવેલું.

**પ્રશ્નકર્તા :** એટલે એ જે તમને અસર થઈ ગઈ, રડવું આવી ગયું તે વખતે તમે ક્યાં હતા ?

**દાદાશ્રી :** ક્યાં ?

**પ્રશ્નકર્તા :** તમે જે દ્રષ્ટાભાવમાં...

**દાદાશ્રી :** ના, તે ઘડીએ દ્રષ્ટાભાવ નહોતો.

તે ઘડીએ તો 'હું આ અંબાલાલ છું' એ જ. ત્યાર પછી બે વરસ પછી જ્ઞાન થયું આ.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, કાન્તિભાઈ ગયા ત્યારે તમને જરાય ઈફેક્ટ નહોતી દેખાતી.

**દાદાશ્રી :** ના, તે દહાડે રડવું નહીં આવેલું. હું તે દા'ડે બહારગામ હતો. અહીં હોત ને, તો આવત. મને રડવું શેના પર આવે છે ? મરનાર ઉપર નથી આવતું, બીજા લોકોને ઢીલા દેખું ને, તો મને આવે છે. એ તો ત્યાં આગળ કો'ક એકદમ ધ્રુસકે ધ્રુસકે રડી પડે ને, તે જોઉં તો મને અસર થઈ જાય પછી. અત્યારેય અસર થાય. અહીં કોઈ રડતું હોય ને, તો અસર થઈ જાય. પણ એની અસર બીજા લોકો ઉપર વધારે પડશે એમ માનીને એનેય કંટ્રોલમાં લઈએ અમે. બીજાને વધારે અસર પડી જાય ને ! બાકી શરીર તો એવું જ હોય, દેહ તો એવો જ હોય.

**પ્રશ્નકર્તા :** એમ નહીં, દાદા. એ બે સ્થિતિ, મધર ઑફ થઈ ગયા ત્યારે અને હમણાં એ બેમાં શો ફેર ?

**દાદાશ્રી :** તે દહાડે તો આ મધરનો પ્રેમ જ ખાલી, પ્રેમ જ રડાવે છે.

## રાજેશ્રી માણસ ને સરળ જીવન

**પ્રશ્નકર્તા :** માતાની સાથે પિતાના સંસ્કાર કેવા હતા ? પિતાજી શું કરતા'તા ?

**દાદાશ્રી :** એ તો રાજેશ્રી માણસ. ત્યાં અમારી જમીન હતી, ત્યાં ઘોડો રાખતા'તા ને !

ફેટો પહેરે ને, તે રાજકુમાર જેવા દેખાય. ફાધરે ઈઝી લાઈફ (સરળ જિંદગી) જ ગોઠવેલી હતી. કશું ધંધો કરે નહીં, કારણ કે સાધારણ ચાલ્યા કરે ઘરની આવકથી.

**પ્રશ્નકર્તા :** ખેતીવાડી હતી ?

**દાદાશ્રી :** ખેતીવાડીની આવકથી ચાલ્યા કરે. લાંબું નહીં પાછું, તેય કુટુંબ ચાલે એટલું જ.

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** સરળ રીતે.

## પિતાજીને આ છોકરો જુદો લાગ્યો

**પ્રશ્નકર્તા :** ફાધરની સાથેના પ્રસંગો જણાવો ને !

**દાદાશ્રી :** મારા ફાધરે મને કહ્યું કે 'કંઈક કસરત કરવી જોઈએ, સવારે ફરવા જવું જોઈએ.' મેં કહ્યું, 'ફરવાનો ટાઈમ નથી મળતો.' ત્યારે કહે, 'એ તો કાઢવો જોઈએ, શરીર સારું રહે.' ત્યારે મેં કહ્યું, 'જઈશું.' ત્યારે કહે, 'કઈ બાજુ જઈશ ?' ત્યારે મેં કહ્યું, 'આમ ભાગોળ તરફ.' ત્યારે કહે, 'ના, આપણું પેલું નજીકનું ખેતર છે ત્યાં જજે.' મેં કહ્યું, 'ખેતરમાં જઈને શું કરવાનું ?' ત્યારે કહે, 'ત્યાં આંબા વાવેલા છે ને, આપણે આ દસેક આંબા રોપ્યા છે, તે એ રસ્તામાંથી થોડુંક એમાં બહારથી એક થેલીમાં દડ લઈ જવો. તે દડ થોડો થોડો નાખી આવવાનો.' દડ આપણે ત્યાં હોય છે ને...

**પ્રશ્નકર્તા :** માટી, હા.

**દાદાશ્રી :** રોડ ઉપરથી દડ મહીં લઈને એમાં નાખજે, નવરાશ મળે ત્યારે. દડ લઈ જઈને નાખીને પાછા આવીએ, એટલે આપણે ફરવાનું થઈ ગયું અને કસરત થઈ ગઈ. ફાધરને ના કહેવાય નહીં એટલે પછી કરીએ થોડુંઘણું. ફાધરને ના નહીં પણ મેં કહ્યું, 'મને એવી આંબાની લાલચ નથી, એ કેરીઓ ખાવાની મને કંઈ લાલચ નથી. આ ધંધો મારો નહોય. જેને કેરીઓ ખાવી હોય તે નાખે.' તે થોડા વખત

પછી એ ખેતર વેચ્યું ત્યારે મેં એમને કહ્યું, ‘જો આંબા હોત તો આંબા સાથે વેચાઈ જાત ને ! આ ધૂળ-બૂળ દાબેલી બધી નકામી જ જાય ને !’ કોણે આંબા ખાધા, અને મેલ ને પૂળો ઊંચે ! ક્યાં ખેડૂતોના કાયદા ને ક્યાંય જતું રહ્યું બધું ! હું જાણું કે આ દુનિયાનો રિવાજ, જેના હાથમાં ખેતર છે તેની કેરી. આંબા (કેરી) પછી ઘેર લવાય કે ના લવાય ખેતરમાંથી ?

**પ્રશ્નકર્તા :** વેચ્યા પછી તો ન લવાય.

**દાદાશ્રી :** તો આપણે ધૂળ નાખેલી નકામી જાય ? દડ નાખેલું નકામું જાય ? કેમ એમ આપણે નાખેલું ?

**પ્રશ્નકર્તા :** દૃષ્ટિ ઉપર આધાર. દૃષ્ટિ બદલાય તો એ દડ બરોબર છે, બીજાને ગયો એમ.

**દાદાશ્રી :** ના, પણ આ બધી ફસામણો છે ! એટલે મારા પિતાએ કહ્યું કે ‘આ જાણતો હશે અંદરખાને કે આનું આવું થવાનું છે એવું !’ મેં કહ્યું, ‘તમારે જે માનવું હોય એ માનો.’ ત્યારે કહે, ‘તારા જન્માક્ષર બહુ ઊંચા છે !’

## મારે તો ભગવાન જ જોઈતા હતા

એટલે આવું બધું તોફાન ! ક્યાં આ દડ દાબીએ ને આ બધા આંબા ઉછેરીએ, ને ક્યારે ખાવાના ને કોણ ખાશે, શું ઠેકાણું ? આ તૈયાર કેરીઓ ખાવ ને છાનામાના ! હા, જેને બગીચા વાવવા હોય, બગીચાના માલિક થવું હોય એ ભલે રોપે બધા. આપણે કંઈ આના માલિક થવું નથી. આપણે આનો ગર્વરસ જોઈતો નથી. ઘણાય ગર્વરસવાળા છે, એ એની મેળે વાડીઓ કરશે ને એય કેરીઓ આવશે ને ઉછેરશે ! એવા ઘણાય છે ! અહીં કંઈ ખોટ છે ? બધી જાતના લોક !

મારે આવું જોઈતું નહોતું, મારે તો ભગવાન જ જોઈતા’તા. આ કેરીઓ-બેરીઓની મને કંઈ પડેલી નહીં. છતાં આ મમતા છોડવાની નથી. મમતા રાખવાની પણ કેવી ? માલિકી વગરની મમતા. ઓનરશિપ નહીં, ટાઈટલ નહીં.

## જન્માક્ષર ઊંચા, તેથી મર્યાદા રાખે

**પ્રશ્નકર્તા :** આગળ કહ્યું એમ આપના જન્માક્ષર ઊંચા યોગ બતાડતા હતા ?

**દાદાશ્રી :** હા, આ પદ મળવાનું હતું તે તો જ્યોતિષવાળાએ કહેલું, ફાધર-મધરને કે આ જુદી જાતનો (પુત્ર) તમારે ત્યાં જન્મ થયેલો છે !

**પ્રશ્નકર્તા :** જન્માક્ષર કોણે બનાવેલા ?

**દાદાશ્રી :** એણે જ બનાવેલા. આ ગોળ-ગોળ પીલું બનાવેલું છે. તે અહીંથી પચ્ચીસ ફૂટ લાંબું, તે વાંચ વાંચ કરે.

તે પછી આમ ફાધર ને બધા મારી મર્યાદા રાખે.

## ફાધર મોટાભાઈનેય વઢવા ના દે

મોટાભાઈ મને વઢતા હતા, જો કે એ મારા કરતા વીસ વર્ષ મોટા, એટલે વઢતા હતા. હું બાર વર્ષનો અને એ બત્રીસ વર્ષના. ત્યારે બ્રધર (ભાઈ) તો મોટા કહેવાય, મોટી ઉંમરના એ. એ તો વઢે જ ને હવે, બાકી ફાધર વઢ્યા નથી. ફાધરે તો બ્રધરને એમ કહેલું, કે ‘એને વઢીશ નહીં. એના જન્માક્ષર જુદી જાતના છે !’ પણ બ્રધર તો વઢે.

તે પાછા મારા મોટાભાઈ લડે ને, તો મારા બાપુજી કહે, ‘મણિભાઈ, એને બોલવાનું નહીં, અક્ષરેય કહેવાનું નહીં એને ! જન્માક્ષર તો જો, એના જન્માક્ષર જોયા છે કે ? કહેવા જેવો નથી આ માણસ, એને લઢીશ નહીં.’

**પ્રશ્નકર્તા :** એવું કહે ?

**દાદાશ્રી :** હં. તોય પણ મોટાભાઈ તો લઢ્યા વગર રહે નહીં ને ! મોટાભાઈ ખરા ને, તે પ્રેમ હતો એની પાછળ, સાચો પ્રેમ. અને સાચા પ્રેમ ખાતર એ મને વઢે તો શું, મારે તોય એમને ના લઢું. એટલે મેં તો બાનો પ્રેમ જોયો, બાપનો પ્રેમ જોયો, મોટાભાઈનો પ્રેમ જોયો, બધાના પ્રેમ જોયા.

## જિજ્ઞાસાવશ ફાધરને પ્રશ્નો પૂછ્યા

**પ્રશ્નકર્તા :** દાદા, તમે પહેલેથી જ ફાધરને પ્રશ્નો કરી કરીને બહુ પૂછતા ?

**દાદાશ્રી :** હા. મારા ફાધર મારાથી, જો કે કંટાળતા નહોતા. પણ એમને મનમાં એમ થાય કે 'આ બહુ પૂછ પૂછ કરે છે.' કારણ કે 'આની જોડે ક્યાં આવ્યું ? આ આને આમ કેમ કહેવાય છે ? આને આમ કેમ કહેવાય છે ?' તે પૂછી પૂછીને હું તેલ કાઢી નાખું.

**પ્રશ્નકર્તા :** કઈ ઉંમરથી પૂછતા'તા, દાદાજી ? નાનપણથી જ ?

**દાદાશ્રી :** સાત વર્ષનો હતો ત્યારથી જ. આનું શું ને આનું શું ? નર્યું પૂછ પૂછ પૂછ... જ્યાં હોય ત્યાં કશી વાત ધરી કે આનું પૂછ પૂછ કરવાની ટેવ ! અને ફાધરને પેલા લોકોએ કહેલું. ફાધરને લાલચ આપેલી પેલા જન્મોત્રી લખવાવાળાએ, કે તમારા પુત્ર ગજબના પુરુષ થવાના છે ! અને તેમાં મહારાજ પાછા આમેય કહે, 'પૂછતા નર પંડિતા.' એટલે પાછું બધું મળતું આવે. પણ પંડિતેય થયા નહીં ને ! અને જ્ઞાની થઈ ગયા !

## ફાધરને છેતર્યા, તેના કર્યા પ્રતિક્રમણ

**પ્રશ્નકર્તા :** ફાધરની સાથે કંઈ ભૂલ થયેલી ?

**દાદાશ્રી :** હા, અમારા ફાધરને એક જ્યોતિષીએ કહેલું કે 'આ તમારા ઘેર મોટું રત્ન પાકેલું છે. એને સંસ્કારમાં જરાક કચાશ ના પડે એ જોતા રહેજો.' હવે ફાધર તે કેટલુંક જુએ ? હું એમને છેતરું તો એ કેટલુંક જુએ ? હું સિનેમા-નાટક જોવા જઉં, ભાદરણમાં. તે જોવા જઉં પછી એ, તે ફાધર જાણે કે એ સૂઈ ગયો છે. તે સૂઈ જઉં, પછી ઊઠીને બારી પર ચઢીને ઊતરું. તે બા એકલા જાણે. બા મને કહે, 'ભઈ, તું પડી જઈશ. આવું ના કરીશ.' મેં કહ્યું, 'ના, મને વઢશે એ. હું તો આવું જ કરવાનો.' આવા બધા તોફાન બહુ કરેલા.

ફાધરને છેતરેલા, બાને નહીં છેતરેલા. બા એકલાને જે જે કરું, તે કહી દઉં. અને ફાધર તો વઢશે એવો મને ડર લાગે. એટલે કહી દઉં કે 'હું ગયો જ નથી ને રાતે સૂઈ ગયો હતો.'

છતાંય નાટક જોઈ આવ્યો હોઉં. પાછા લોકો એમને કહે, 'તમારો દીકરો તો નાટક જોવા આવે છે.' એટલે પાછા કહે, 'તું ક્યારે ગયો હતો ? ઊઠ્યો ક્યારે તું ?' મેં કહ્યું, 'એ તો થોડીવાર જઈને પછી પાછો આવતો રહ્યો હતો.'

એટલે આ બધાના પ્રતિક્રમણ કર કર કરેલા. ઘરમાં મેં શું શું કર્યું, આમ શું શું કર્યું ? ફાધરની જોડે શું દગો કર્યો ? એ કહે, 'નાટક આવ્યું છે, તારે જોવા જવાની જરૂર નથી.' ત્યારે કહું, 'હા, નહીં જઉં.' અને નાટક જોઈ આવીને બાને ખાનગીમાં કહી રાખ્યું હોય, કે હું આવું ત્યારે બારણું જરા ઉઘાડું રાખજો. એટલે બા બારણું ઉઘાડું રાખે. તે હું પેસી જઉં હડહડાટ. એ બધા ગુના જ કર્યા ને !

## અમારી હાજરીમાં ફાધરનો દેહવિલય

**પ્રશ્નકર્તા :** મૂળજીભાઈ કેટલી ઉંમરે ગયેલા ?

**દાદાશ્રી :** પચાસ-એકાવન વર્ષ.

**પ્રશ્નકર્તા :** એમ ? બહુ નાની ઉંમરમાં ગયા !

**દાદાશ્રી :** નાની ઉંમરમાં પણ તે દહાડે તો એકાવન વર્ષ જીવે તો બહુ કહેવાય.

**પ્રશ્નકર્તા :** એ તો બહુ આનંદ કરે લોકો, વન ઉજવ્યું એમ ઉજવે.

**દાદાશ્રી :** એકાવન-વનમાં આવ્યો, કહે.

**પ્રશ્નકર્તા :** (વિક્રમ સંવત) ત્યાંસીની સાલમાં મૂળજીભાઈ ગુજરી ગયેલા, ત્યાંસીમાં એટલે આજે સાંઈઠ વર્ષ થયા (સંવત ૨૦૪૩, ઈ.સ. ૧૯૮૭).

**દાદાશ્રી :** હા, ત્યાંસીની રેલ (પૂર).

**પ્રશ્નકર્તા :** ત્યાંસીની રેલ આવેલી એટલે સાંઈઠ વર્ષ થયા. એટલે ફાધર તમારી કેટલા વર્ષની ઉંમરે ગયેલા ?

**દાદાશ્રી :** વીસ વર્ષનો હતો ને ફાધર ઑફ થઈ ગયેલા. શું બનેલું કે અમારા ફાધરની તબિયત સારી નહીં, ત્યારે હું અહીં કોન્ટ્રાક્ટના કામ પર જતો'તો. એટલે અમારા મોટાભાઈ મણિભાઈ મને કહે, 'તું કામ પર રહે, હું ફાધરની ખબર કાઢી આવું. હું જરા મળી આવું છું.' મેં કહ્યું, 'સારું ત્યારે, તમે જઈ આવો. પછી હું આવીશ.' તે ઈચ્છા મારી બહુ, વખતે દેહ છૂટી જાય તો ? પછી મારા બ્રધર છે તે ભાદરણ ગયા તે દહાડે. તે દહાડે બોરસદ ને ભાદરણની વચ્ચે પેલી ગાડીઓ ના ચાલે, તે ઘોડાગાડી મળી. કોઈ વખત ઐસે હી ચલને કા (ચાલતા જવાનું) !

તે એ ગયા પછી થોડીવાર પછી મને કુદરતી રીતે સહજ મહીં વિચાર આવ્યો કે 'લાવ ને, હેંડ ને ભઈ, આપણેય જવા દ્યો ને, હુંય ખબર કાઢી આવું. આ કામ બીજાને સોંપી દઉં અને હું પણ જાઉં.' એટલે હું પણ બાપુજીને મળવા ગયો. મેં એ કામ બીજા બધાને સોંપી દીધું અને હું તો ઉપડ્યો ને ઘોડાગાડીમાં બેસી ગયો.

પછી મણિભાઈ તો પાછા આવતા'તા ત્યાં, જોવા ગયા'તા ત્યાંથી અને મારું આવવું, તે સામા ભેગા થયા. તેમણે મને પૂછયું કે 'તું આવ્યો કે ?' મેં કહ્યું, 'હા, મને મહીંથી વિચાર આવ્યો કે જઉં, તે હું બધાને કામ સોંપીને આવ્યો છું.' ત્યારે એમણે મને કહ્યું, 'તો હવે તું ત્યાં ઘેર જા અને હવે હું કામ પર પાછો જાઉં છું. તું રહેજે હમણાં બે-ચાર દહાડા, બાપુજીની તબિયત નરમ છે તે. હું ત્યાં કરી લઈશ બધું.' એટલે બ્રધર ત્યાં પાછા ગયા અને હું 'ફાધર' પાસે આવ્યો. એટલે એમણે રાત્રે ને રાત્રે જવાની તૈયારી કરી દીધી, ત્યાં સુધી એ જતા ન હતા. હું આવ્યો એટલે તૈયારી કરી, નહીં તો ત્યાં સુધી તૈયારી નહોતા કરતા. તે બા કહે, 'સારું થયું તું આવ્યો. આજે તો વધારે ખરાબ હાલત છે.' પછી થોડીવારે ઑફ થઈ (ગુજરી) ગયા. રાતે ને રાતે જ મુસાફરી પૂરી કરી.

તે હું આવ્યો ને ફાધર ઉપડ્યા ! એટલે જેના ખભે ચઢવાનું હોય તેના જ ખભે ચઢાય. હું ચાર જ કલાક અગાઉ આવેલો વડોદરેથી, તે આગલે દહાડે મોટાભાઈ આવેલા. પણ જેને ખભે નનામી ચઢવાની હોય, હિસાબ હોય તે ચૂકવાય છે.

તે અહીં મારા ખભા ઉપર જવાના હતા, તે એ રીતે ગયા. અમારા ૠણાનુબંધ પૂરા કર્યા. લોકો પછી કહે કે ભઈ, આને ખભે જ ચડવાનું લખેલું. તે ચડીને ગયા એના ખભે, મણિભાઈને ખભે નહીં, એવું લોક ખોળી કાઢે બધું.

## મા-બાપની સેવા એ પ્રત્યક્ષ-રોકડું

**પ્રશ્નકર્તા :** આપ પહોંચ્યા ને ચાર કલાકમાં જ ફાધર ગયા, તે આપની સેવા ના લીધી ?

**દાદાશ્રી :** ના, પછી મેં બાની સેવા કરેલી. બાપુજી વખતે મારી વીસ વર્ષની ઉંમર હતી, એટલે જુવાનજોધ ઉંમર હતી. બાપુજીને ખભે ચઢાવીને લઈ ગયેલા એટલી સેવા થયેલી. પછી હિસાબ જડ્યો, કે 'મૂઆ, આવા તો કેટલાય બાપુજી થયા ! હવે શું કરીશું ?' ત્યારે કહે, 'જે છે એમની સેવા કર. પછી ગયા એ ગૉન. પણ અત્યારે હોય તો તું એમની સેવા કર. ના હોય તો ચિંતા ના કરીશ. બધા બહુ થઈ ગયા. ભૂલ્યા ત્યાંથી ફરી ગણો. મા-બાપની સેવા એ પ્રત્યક્ષ રોકડું છે. ભગવાન દેખાતા નથી, આ તો દેખાય છે. ભગવાન ક્યાં દેખાય છે અને આ મા-બાપ તો દેખાય છે.'

## દૈવી કુટુંબને નમસ્કાર કરે ગામવાળા

અમારું કુટુંબ ઘણું સારું. મને તો અમારા ગામમાં બે-ત્રણ માણસો કહે, શું તમારા મા-બાપ ને તમારા ઘરને તો અમે નમસ્કાર કરીએ છીએ. શું લાગણીવાળા, કો'કનું કામ કાઢી નાખે એવા એ લોકો ! જેનો કેસ ઝાલ્યો ને, એનું કામ જ કરી નાખે. એટલા લાગણીવાળા, દયાળુ, કોઈનું ખઈ જાય નહીં. પછી આ હરૈયા નહીં. હરૈયા ઢોર જેવા તો ભેગુંય કરેલું હોય ને કરે. હવે આપણે ભેગુંય ના કરીએ. બળ્યું ! આપણા નસીબમાં હોય એટલું આવે.

તે કોઈ કોઈ જગ્યાએ મને પગે લાગે. ને કહે, 'ધન્ય છે તમારું કુટુંબ !' કોઈ દહાડો એબ નહીં, દાગ નહીં. એક દાગ નહીં. નહીં તો ચોરી છે, લુચ્ચાઈ છે, એવું હોય તે તિરસ્કાર છૂટે. ના છૂટે ?

**પ્રશ્નકર્તા :** છૂટે.

**દાદાશ્રી :** એક એબ નહીં. મૂળજીકાકા મરી ગયા, તે પૈસા નહોતા તોય મણિભાઈ કહે છે, મારે તો આખી ખડકી કરવી (જમાડવી) છે. ઈચ્છા તો આખી ખડકીની છે, તે કર્યું. નહોતા પૈસા, તો દેવું કરીને કર્યું. છોડે નહીં ને ! આટલું બધું, બહુ જબરા માણસો. અને પૈસાની પેટીઓ નહીં, તિજોરીઓ નહીં. શાથી માન મળતું હશે ? આ કુટુંબ સારું તેથી. આમ કો'કના માટે જ જીવતા હોય એવા જ બધા જન્મે. લોકોના હારુ જીવતા હોય ને, એવા જ. મને તો વળી ગામમાં કેટલાક ઘૈડા માણસ કહેતા, 'ભઈ, તમારી વાત ક્યાં થાય ? કેવું ઘર ! કેવું સુંવાળું ! કોઈને દુઃખ (આપ્યું) નહીં, કોઈને ત્રાસ નથી આપ્યો.' એવું તે પગે લાગે ઘૈડા ! 'શું દૈવી કુટુંબ !' એવું કહેતા. કોઈ ત્રાસ આપી ગયો હોય ને, તોય એને ત્રાસ ના આપે, ક્ષત્રિયતા એ. સારું કહેવાય ને ?

**પ્રશ્નકર્તા :** હાસ્તો, ઘણું સારું.

## દેખવાથી પ્રગટ્યા આ ગુણો

**દાદાશ્રી :** એટલે ફેમિલી સારું અને મધર બહુ સંસ્કારી, વધારે પડતા સંસ્કારી.

**પ્રશ્નકર્તા :** એનો આપને વારસો મળ્યો.

**દાદાશ્રી :** વારસો તો આ જગતમાં જેને કહે છે તે કહેવા માત્રનું છે, ખરેખર વારસો હોતો નથી. એ ફોડ જુદી જાતનો છે. આમ એ લૌકિકમાં એમ કહેવાય કે આ વારસો મળ્યો છે એવું પણ ખરેખર કરેક્ટ (સાચી) વાત નથી એ. એ વાત પાછળ બહુ ઊંડી વાતો છે.

વારસો તો આ મળ્યો પણ પૂર્વભવનો મારો કંઈ હિસાબ હશે ને ! પૂર્વનું કંઈ લાવ્યો હોઈશ

ને, અનંત અવતારનું ! તે લઈને આવેલો, તે આ પ્રગટ થયું બધું.

હું મારું લઈને આવેલો એટલે તો આમની ઘેર જન્મ થાય ને ! એમના થકી જ પ્રગટ થાય. એમનામાં દેખવાથી જ પ્રગટ થાય. તે એમનું દેખ્યું તેથી પ્રગટ થયું.

## મધરનું જોઈને જાગ્રત થયા સંસ્કારો

**પ્રશ્નકર્તા :** આપને જે જ્ઞાન થયું તેમાં માના સંસ્કાર સાથે સાથે આપના પણ પૂર્વના ઊંચા સંસ્કાર લઈને આવ્યા હશો ને ?

**દાદાશ્રી :** બહુ ઊંચા સંસ્કાર હોવા જોઈએ, એ હું માનું છું. કારણ કે મને નાનપણથી જ વૈરાગ વર્તતો'તો હરેક બાબતમાં. અને મધર એવા ઊંચી કોટિના મળ્યા'તા. મધર સારા મળી ગયેલા. બિલકુલે મધરના જ સંસ્કાર બધા ! કારણ કે મારું કરેલું છે ખરું પણ આ હું દેખું તો આવડે ને ?

**પ્રશ્નકર્તા :** હાસ્તો.

**દાદાશ્રી :** એટલે મધરનો અનુભવ દીઠો બધો, તે આવડી ગયું. આ મધરના સંસ્કારો છે. આ ભવના સંસ્કારો છે, પણ માલ તો મારો જ છે ને ! સંસ્કારો એટલે તમારા થકી મારો માલ જાગ્રત થવો. મારો માલ જાગ્રત થવા માટે બીજા સંસ્કારની જરૂર પડે. કેટલાય અવતારથી હું કરતો આવેલો, તે આ અવતારમાં એ કોઠી ભરાઈને ફૂટી. અને પોતાનું જ કરેલું છે ને આ બધું ? એમણે એ શિખવાડ્યું તો મને આખી જિંદગી રહેલું. તે આપણા સંસ્કાર છે ને આ તો ! નહીં તો મા કાંઈ એમ કહે ખરી કે તું માર ખાઈને આવજે ? તે આપણા સંસ્કાર છે અને મૂળ તો હું બધા સંજોગો મારા લઈને આવેલો. પણ નિયમ એવો છે કે બધા જે પોતાના સંજોગો હોય ને, એવું બધું વાતાવરણ મળે.

**પ્રશ્નકર્તા :** આપ મૂળથી, પહેલેથી આ માલ લઈને જ આવેલા.

**દાદાશ્રી :** હા, હું લઈને આવેલો છું અને એવો સુંદર માલ છે. જો એનાથી લોકોનું કામ નીકળશે !

## મૂળ વૈજ્ઞાનિક સ્વભાવ

મારો વૈજ્ઞાનિક સ્વભાવ, મૂળથીયે. જેટલું (શાસ્ત્ર) વાંચ્યું એના ઉપર વિજ્ઞાન મારાથી બોલાય. વિજ્ઞાન એટલે આ મારા પાતાળનું પાણી, આમાંથી (શાસ્ત્રમાંથી) લીધું પણ નીકળે પાછું પાતાળનું પાણી !

વિજ્ઞાની એટલે પોતાનું બધું ઊભું કરી દેવું. સામો વાત કરે તે પહેલા આગળનું બધું જોઈ નાખે, સામાને રસ્તે ચઢાવી નાખે.

મને નાનપણથી જ ટેવ હતી કે મને કોઈ જ્ઞાનની વાત કરે ત્યારે હું વિજ્ઞાનમાં લઈ જઉ. મારો વિજ્ઞાની સ્વભાવ તો નાનપણથી જ હતો. 'વિજ્ઞાની' એટલે, મૂળ શબ્દ જડ્યો તે પછી હું ક્યાંય સુધી પહોંચી જાઉ ! વાત જ્ઞાનની ચાલતી હોય, તે હું એમાં તો કંઈની કંઈ શોધખોળ કરી નાખું ! લોક વિજ્ઞાનની વાત સાંભળે તે તેને જ્ઞાનમાં લઈ જાય ને હું જ્ઞાનની વાત વિજ્ઞાનમાં લઈ જઉ. વિજ્ઞાન એટલે કે એવી એવી વાત કે શાસ્ત્રોમાં જડે નહીં ને બધા જ ફોડ પડે.

મારું વલોણું પરિણામવાદી હતું. 'આજ વલોણું વલોવ્યું, એમાં આવ્યું શું ?' એવું જોવાની ટેવ હતી. વલોવું ખરો, પણ જોયા પછી કંઈ માખણ ના આવે તો હું છોડી દઉ. હું વલોવું ખરો, પણ મારું પરિણામવાદી હતું. પરિણામે મને શું પ્રાપ્ત થયું એ જોઈ લઉં. એટલે હુંયે વલોવતો'તો બધું, પણ વલોવ્યું ત્યારે તો આ જડ્યું ને બધું મને. વલોવતા વલોવતા (આ વિજ્ઞાન) જડ્યું ને !

મારો નાનપણથી એક સ્વભાવ હતો કે હરેક કાર્ય કરું એનું મને પરિણામ દેખાયા વગર રહે જ નહીં. છોકરાં બધા ચોરી કરતા હોય તો મારું મન લલચાય ખરું કોઈ વખત કે આ કરવા જેવી ચીજ છે, પણ મને તરત પરિણામ રૂપે ભય દેખાયા જ કરે. એટલે મૂળથી જ પરિણામ દેખાય. એટલે કશે ચોંટવા દીધો નથી. આનું પરિણામ શું આવશે એ મારી સાથે હોય છે, દરેક વાતમાં.

## અમને ગમે સીધોસટ રસ્તો

મેં નાનપણમાંથી, નવ વર્ષનો હતો ત્યારથી કાયદો કરેલો કે લોક જે રસ્તે ચાલે તે રસ્તે, સીધો રસ્તો હોય ત્યારે ચાલવું અને રસ્તો બહુ વાંકો હોય તો વચ્ચે ચીલો નવો પાડવો. બધા ફરવા જાય તે વાંક (વળાંક) આવે ત્યારે હું ખેતરમાંથી જઉં, બધા જાય ત્યાંથી ના જાઉં. બધા કહે, 'તમે આડા છો.' ત્યારે હું કહું, 'હું તો પહેલેથી જ આડો છું.' શું કરવાનો એ રસ્તો ? આ લોક તો વાંકો ચિતરો તો વાંકા જાય, માઈલ જવાનું હોય ને, ત્યાં ત્રણ માઈલ ફરીને જાય. તે હું સમજી જઉં કે આ રસ્તો વાંકો-અવળો ચિતર્યો છે. લોકો એ રસ્તે જ ચાલ્યા કરે, આપણે આ નવો સીધો રસ્તો પાડી દેવો.

એવી રીતે આ લોકોની વાત બધી ઊંધી હોય, તેને છતી તો ઓળખવી પડે ને ?

નાનપણથી મને માર્ગ જુદો મળી ગયેલો, પહેલેથી. નાનપણથી માર્ગ બદલું, માણસોના આધારે હું ચાલતો નહોતો. આ ટોળું જાય ને, એ ટોળું ચાલે તે ટોળામાં હું ના ચાલું. હું જોઈને તપાસ કરું કે આ ટોળું કઈ બાજુ લઈ જાય છે ? આ રસ્તો વળી આમ ફરી અને પાછો પેણે જાય છે. તે આખું કુંડાળું ગણીએ તો એકના ત્રણ ગણા થાય, તો આ અડધું કુંડાળું દોઢ ગણા થાય. તે દોઢા રસ્તે માર ખાય કે સીધા ? તે હું સીધું ચાલતો'તો, લોકોને રસ્તે ચાલેલો નહીં પહેલેથી. લોક રસ્તે ધંધો નહીં. લોકો કરતા જુદો ધંધો, રીતેય જુદી, રસમેય જુદી, બધું જ જુદું. એટલે મારી ટેવ આવી પહેલેથી. તે મને લોક શું શબ્દ કહેતા'તા, તે કહું ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** 'હોંહરો (સોંસરો) પડું છું ?' કહે છે. હું કહું, 'હા.' ત્યારે કહે, 'શી રીતે ઓચિંતો આવ્યો તું અમારી પહેલા ? હોંહરો પડીને આવ્યો ?' મેં કહ્યું, 'હા, હોંહરો પડીને આવ્યો છું. તે તમારી ટોળાની પેઠ છબલિકા વગાડીને તમારી જોડે ફરું ?' હું મારી મેળે બીજો રસ્તો ખોળું. મને ફાવે નહીં એ બધું.

## ધારેલ રસ્તે ચાલી, ખોળ્યું અક્રમ વિજ્ઞાન

કુદરતનો નિયમ શો છે ? પાડોશમાં કોઈ ના હોય ને એકલો હોય ને, તો એને સૂઝ પાડનાર મહીં છે. પણ બીજા ચાર હોય તો કોણ સૂઝ પાડે ? એકલો હોય તો સૂઝ પડે. એટલે આ જગત એકલું હોતું નથી, તેની જ ભાંજગડ છે ને ! અને હું એકલો ફરેલો છું. કારણ કે મારો સ્વભાવ નાનપણથી એવો હતો કે લોકોના રસ્તે નહીં ચાલવું, પોતાના ધારેલ રસ્તે ચાલવું. તેનો મારેય પડેલો કેટલી વખત, કાંટાએ ખાધેલા પણ છેવટે આ રસ્તે જવું એ નક્કી. તે આમાં આ રસ્તે ફાવ્યું અમારે. ઘણા અવતાર માર પડ્યા હશે, પણ છેવટે ખોળી કાઢ્યું એ વાત નક્કી.

અમને નાનપણથી ખૂંપી ગયેલું આ વિજ્ઞાન ! તે નિરાંતમાં ને નિરાંતમાં રહેલા. બીજી બાહ્ય વાતો ના આવે. છેવટે અક્રમ વિજ્ઞાન જડ્યું બહુ સરસ !

**- જય સચ્ચિદાનંદ**

## ગુરુપૂર્ણિમા નિમિત્તે તા. ૧૦ જુલાઈના રોજ વિવિધ સત્સંગ સેન્ટરો ખાતે થનાર ઉજવણી

| સેન્ટર | સમય | કાર્યક્રમનું સરનામું | સંપર્ક |
|---|---|---|---|
| અડાલજ ત્રિમંદિર | સવારે ૮ થી ૧૨-૩૦ | દાદાનગર કન્વેન્શન સેન્ટર, સીમંધર સીટી. | ૯૩૨૮૬૬૧૧૬૬ |
| અમરેલી ત્રિમંદિર | સવારે ૯ થી ૫ | બાયપાસ ચોકડી, લીલીયા રોડ. | ૯૯૨૪૩૪૪૪૬૦ |
| અંજાર ત્રિમંદિર | સવારે ૯-૩૦ થી ૧-૩૦ | ગામ-સિનુગ્રા પાટિયા, તાલુકો-અંજાર. | ૯૫૭૪૦૦૮૧૨૬ |
| ભાદરણ ત્રિમંદિર | સવારે ૯ થી ૧૨-૩૦ | સ્ટેશન રોડ, તા. બોરસદ, જિ. આણંદ. | ૯૯૨૪૩૪૩૭૨૯ |
| ભાવનગર ત્રિમંદિર | સવારે ૯-૩૦ થી ૬ | રંગોલી પાર્ક પાસે, ભાવનગર-રાજકોટ હાઈવે, વરતેજ. | ૯૯૨૪૩૪૪૪૨૫ |
| ભુજ ત્રિમંદિર | સવારે ૯ થી ૫ | હિલ ગાર્ડન પાછળ, એરપોર્ટ રોડ. | ૯૭૨૭૯૩૪૨૩૧ |
| ગોધરા ત્રિમંદિર | સવારે ૧૦ થી ૪ | FCI ગોડાઉન સામે, ભામૈયા. | ૯૮૨૫૪૩૧૫૦૩ |
| જામનગર ત્રિમંદિર | સવારે ૮-૩૦ થી ૫ | ચેમ્બર ઓફ કોમર્સ પાસે, માણેકનગર. | ૯૯૨૪૩૪૩૬૮૭ |
| જૂનાગઢ ત્રિમંદિર | સવારે ૯ થી ૫ | ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ. | ૯૯૦૯૫૭૭૪૬૮ |
| મોરબી ત્રિમંદિર | સવારે ૮-૩૦ થી ૬-૩૦ | નવલખી રોડ, જેપુર ગામ. | ૯૮૨૫૨૩૮૦૪૪ |
| મુંબઈ ત્રિમંદિર | સાંજે ૪ થી ૮ | ઋષિવન, અભિનવનગર રોડ, કાજુપાડા, બોરીવલી (ઈ). | ૯૩૨૩૫૨૮૯૦૧ |
| રાજકોટ ત્રિમંદિર | સવારે ૮-૩૦ થી ૫ | તરઘડીયા ચોકડી, ગામ-માલિયાસણ, રાજકોટ-અમદાવાદ હાઈવે. | ૯૯૨૪૩૪૩૪૭૮ |
| સુરેન્દ્રનગર ત્રિમંદિર | સવારે ૯-૩૦ થી ૬ | લોક વિદ્યાલય પાસે, રાજકોટ-મૂળી હાઈવે રોડ. | ૯૧૦૬૯૩૬૪૮૨ |
| વડોદરા ત્રિમંદિર | સવારે ૯ થી ૪ | બાબરીયા કોલેજ પાસે, ગામ-વરણામા. | ૯૯૯૮૧૫૦૧૨૫ |
| ધ્રાંગધ્રા ત્રિમંદિર | સાંજે ૪ થી ૮ | ફન પોઈન્ટ હોટલની પાછળ, હળવદ રોડ. | ૯૫૩૭૫૦૦૪૩૧ |
| ચલામલી ત્રિમંદિર | સવારે ૮ થી ૧૨ | ગામ-ચલામલી, તા. બોડેલી. | ૯૫૭૪૦૦૮૩૫૫ |
| | | **ઉત્તર ગુજરાત ઝોન** | |
| ભિલોડા-અંબાબર | સવારે ૯-૩૦ થી ૧ | મુ. આંબાબર, ટોરડા રોડ, તા. ભિલોડા, જિ. અરવલ્લી. | ૬૩૫૫૬૯૨૫૯૦ |
| ભિલોડા-કલ્યાણપુર (૧૩ જુલાઈ) | સવારે ૯-૩૦ થી ૧-૩૦ | મુ. કલ્યાણપુર, તા. ભિલોડા, જિ. અરવલ્લી. | ૯૪૦૮૦૯૭૨૮૧ |
| હિંમતનગર | સવારે ૯ થી ૧ | જગા સ્વામી ભવન, અક્ષર સોસાયટી, SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર પાસે, શામળાજી નેશનલ હાઈવે. | ૯૯૯૮૬૮૭૭૭૬ |
| ઈડર | સાંજે ૬ થી ૯-૩૦ | પોસ્ટ-નાના કોટડા, તા. ઈડર. | ૯૯૭૯૭૨૮૯૫૦ |
| કડી | સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ | આદ્ય પુરુષ મંદિર હૉલ, ધરતી સીટી રોડ. | ૯૭૭૩૧૪૫૦૩૧ |
| મહેસાણા | સવારે ૮ થી ૧ | GIDC કોમ્યુનિટી હૉલ, FCI ગોડાઉન પાછળ, મોઢેરા રોડ. | ૯૪૦૮૫૫૧૫૦૧ |
| પાલનપુર | સવારે ૮ થી ૨ | કડવા પાટીદાર સમાજની વાડી, ગણેશપુરા. | ૭૮૭૪૬૬૪૪૨૧ |

| | | | |
|---|---|---|---|
| પાટણ | સવારે ૯ થી ૪ | કડવા પાટીદાર સમાજની વાડી, સુભાષ ચોક. | ૯૪૨૯૨૨૪૮૩૩ |
| વાડોઠ | સવારે ૭-૩૦ થી ૧૧ | સિદ્ધેશ્વર મહાદેવ મંદિર. | ૯૯૦૪૦૯૯૩૧૫ |
| વિજાપુર | સવારે ૯ થી ૧૨-૩૦ | રોટરી ક્લબ, ગોવિંદપુરા જૂથ પંચાયત પાસે. | ૯૮૭૯૨૨૭૨૨૭ |
| વિસનગર **(૧૩ જુલાઈ)** | સવારે ૯ થી ૧ | સરદાર સ્કૂલ, કાંસા ચોકડી. | ૯૮૨૪૦૬૬૨૭૭ |
| ઊંઝા | સવારે ૮-૩૦ થી ૧૨ | શ્રી બાળોજ માતા મંદિર, ગંજ બજાર સામે, સ્ટેશન રોડ. | ૯૫૮૬૪૬૮૨૬૫ |
| મોડાસા | સવારે ૯ થી ૧ | શ્રી જીરાવાલા લબ્ધિ વિક્રમધામ, જિલ્લા સેવા સદન સામે, શામળાજી-ગોધરા હાઈવે. | ૯૮૨૪૬૪૧૫૮૫ |

## દક્ષિણ ગુજરાત ઝોન

| | | | |
|---|---|---|---|
| અંકલેશ્વર | બપોરે ૩ થી ૭ | જલારામ મંદિર હૉલ, જૂના દિવા રોડ, ભરૂચી નાકા પાસે. | ૯૫૩૭૯૭૭૨૩૧ |
| બારડોલી **(૧૩ જુલાઈ)** | સવારે ૯ થી ૩ | જલારામ મંદિર હૉલ, સ્ટેશન રોડ. | ૭૦૬૯૧૮૯૨૫૦ |
| ભરૂચ | સવારે ૯ થી ૪ | કુસુમ હરનાથ આશ્રમ, આવિષ્કાર ફ્લેટની સામે, મકતમપુર. | ૯૪૨૭૧૫૯૫૬૬ |
| કોસંબા | સવારે ૮-૩૦ થી ૧-૩૦ | સરદારસિંહ રાણા કોમ્યુનિટી હોલ, હાંસોટ રોડ, તરસાડી. | ૯૭૧૨૭૭૯૧૭૯ |
| નવસારી | સવારે ૯:૩૦ થી ૪ | નવી દરજી સમાજની વાડી, આશાનગર. | ૯૮૯૮૨૬૪૯૨૧ |
| સુરત (અલથાણ) | સાંજે ૪ થી ૧૦ | અલથાણ-ભટાર કમ્યુનિટી હોલ, પનાસ-અલથાણ કેનાલ રોડ, સોહમ સર્કલ નજીક. | ૮૧૫૫૦૦૭૪૭૮ |
| સુરત (સરથાણા જકાતનાકા) **(૧૩ જુલાઈ)** | સવારે ૯ થી ૫ | સરથાણા SMC કોમ્યુનિટી હૉલ, પ્રાણી સંગ્રહાલયની સામે, ગુરુકુલ રોડ. | ૯૫૭૪૦૦૮૦૦૭ |
| કીમ | સવારે ૯ થી ૧૨-૩૦ | સત્સંગ રેસીડન્સી, મુલાદ પાટિયા, ઓલપાડ રોડ. | ૯૦૯૯૫૫૫૨૩૨ |
| બીલીમોરા | સવારે ૯ થી ૧ | કચ્છી સમાજની વાડી, બીલીમોરા. | ૯૮૭૯૭૮૧૩૫૧ |
| ચીખલી | સવારે ૯ થી ૨ | ચીખલી કોળી પટેલ સમાજ વાડી, જૂના વલસાડ રોડ. | ૯૮૨૫૭૭૫૨૧૨ |
| વલસાડ | સવારે ૮ થી ૪-૩૦ | પટેલ સમાજની વાડી, ગવર્મેન્ટ કોલોની સામે, તિથલ રોડ. | ૭૫૬૭૭૬૭૨૧૧ |
| વાપી | સવારે ૯-૩૦ થી ૧-૩૦ | ૩૦૪, શગુન સ્ટેપ ઈન, કોપરલી રોડ, છારવાડા. | ૯૯૨૪૩૪૩૯૮૪ |
| વ્યારા | સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ | શ્રી અંબાજી માતા મંદિર, મહામાયા કૃપાધામ હોલ, ઉનાઈ નાકા. | ૯૮૭૯૨૬૬૧૫૧ |
| કિલ્લા પારડી | સવારે ૮-૩૦ થી ૧ | એકલીંગીજી મહાદેવ મંદિર હૉલ, પટેલ સ્ટ્રીટ, દમણી ઝાંપા. | ૭૪૦૫૦૪૦૮૪૪ |

## સૌરાષ્ટ્ર - કચ્છ ઝોન

| | | | |
|---|---|---|---|
| બગસરા **(૧૧ જુલાઈ)** | સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ | શ્રી લોહાણા સમાજની વાડી, કુંકવાવ નાકા પાસે, અમરેલી રોડ. | ૯૮૭ ૯૧૪૫૧૩૩ |

| | | | |
|---|---|---|---|
| બોટાદ | બપોરે ૩ થી ૬-૩૦ | બાપા સીતારામની મઢુલી, રણછોડનગર, તુરખા રોડ, બોટાદ. | ૯૮૨૪૮૮૦૧૫૪ |
| ધોરાજી | સવારે ૮ થી ૪ | 'દાદા દર્શન', ST બસ સ્ટેશનની બાજુમાં. | ૯૪૨૬૨૨૧૪૯૨ |
| ગોંડલ | બપોરે ૩ થી ૭ | 'દાદા દર્શન', નક્ષત્ર એપાર્ટમેન્ટ પાસે, ગુંદાળા રોડ. | ૮૨૦૦૩૮૫૦૯૪ |
| જેતપુર | સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ | પટેલ સમાજ વિભાગ-૧, કોટડિયા વાડી સમાજ, ગાયત્રી મંદિર પાસે. | ૯૮૯૮૦૨૪૦૩૬ |
| માંગરોળ (**૧૧ જુલાઈ**) | સવારે ૯-૩૦ થી ૪-૩૦ | બજરંગ વાડી, માંડવી ગેટ પાસે. | ૯૩૭૪૪૬૮૬૭૭ |
| ખાંભા (**૧૨ જુલાઈ**) | બપોરે ૩-૩૦ થી ૭-૩૦ | દાદા ભગવાન સત્સંગ સેન્ટર, શિશુ મંદિર હૉલ, પોસ્ટ ઑફિસની બાજુમાં. | ૯૪૨૭૨૭૯૯૯૪ |
| પાલીતાણા | સવારે ૯ થી ૨ | કપોળ વાડી, સૌરાષ્ટ્ર સિનેમાની બાજુમાં, ST રોડ. | ૯૪૨૯૬૩૮૫૪૨ |
| પોરબંદર (**૧૩ જુલાઈ**) | સવારે ૧૦ થી ૫ | 'દાદા દર્શન', SR હાઉસ, M.E.M. સ્કૂલની બાજુમાં, કમલાબાગ. | ૯૫૭૪૦૦૧૨૪૩ |
| રાજુલા | સવારે ૯ થી ૧ | લુહાર-સુથાર જ્ઞાતિ વાડી, BAPS સ્વામીનારાયણ મંદિરની પાસે. | ૯૮૨૪૧૬૪૯૪૧ |
| સાવરકુંડલા | સાંજે ૪ થી ૮ | 'દાદા દર્શન', કાપેલધાર. | ૯૪૨૭૫૫૫૪૭૬ |
| મહુવા (**૧૩ જુલાઈ**) | સાંજે ૪ થી ૮ | શ્રી હિંગળાજ માતા મંદિર હૉલ, પ્રભાતનગર. | ૯૮૨૪૫૬૨૮૮૬ |
| ઉપલેટા | સવારે ૯ થી ૬ | 'દાદા દર્શન', ST બસ સ્ટેન્ડ પાસે, ઢાંકનો માર્ગ. | ૯૮૨૪૬૬૪૪૮૪ |
| વેરાવળ અને તાલાલા | સવારે ૯ થી ૫ | વેરાવળ નગરપાલિકા કમ્યુનિટી હૉલ, શ્રીપાલ ચોકડીથી આગળ, નવો ડાભોર રોડ. | ૯૯૨૪૩૪૪૪૫૯ |
| ભચાઉ | સાંજે ૪ થી ૮ | 'દાદા દર્શન', વેરાઈ કૃપા હોટલની સામે, વર્ધમાનનગરની બાજુમાં, સ્વસ્તિક નગર. | ૯૮૭૯૯૧૯૮૫૮ |
| ધ્રોલ | બપોરે ૩ થી ૬-૩૦ | 'દાદા દર્શન', પટેલ સમાજ, ST બસ સ્ટેશનની બાજુમાં, ST રોડ. | ૯૮૨૫૩૪૬૩૫૬ |
| દ્વારકા | સાંજે ૫ થી ૮-૩૦ | શ્રી સરસ્વતી શિશુ મંદિર પ્રાથમિક શાળા, કાનદાસ બાપુ આશ્રમની સામે, હાઈવે રોડ. | ૮૯૮૦૭૨૫૫૦૫ |
| વાંકાનેર (**૧૩ જુલાઈ**) | સાંજે ૪ થી ૭-૩૦ | સંઘવી શેરી, પ્રતાપ રોડ, SBI બેંક પાસે. | ૯૪૨૯૯૬૧૧૪૧ |
| ગાંધીધામ | સાંજે ૪ થી ૮ | 'દાદા દર્શન', બીજે માળ, ક્રોમા શો-રૂમ બિલ્ડીંગ, જૂની કોર્ટ રોડ. | ૯૮૨૫૧૧૮૬૮૦ |
| ગેડી | સાંજે ૪-૩૦ થી ૮ | 'દાદા દર્શન', કુમાર શાળા નં. ૨ પાસે. | ૮૪૮૭૯૭૧૮૮૧ |
| જામ ખંભાળિયા | સવારે ૯ થી ૧ | આહિર સમાજની વાડી, ચાર રસ્તા પાસે, જડેશ્વર રોડ. | ૯૬૨૪૮૧૫૬૬૫ |
| માંડવી | સાંજે ૪-૩૦ થી ૮ | રોટરી હૉલ, ભૂતડા વાડી, સ્વામી વિવેકાનંદ નગર. | ૯૦૩૩૧૫૬૮૪૭ |
| થાનગઢ (**૧૧ જુલાઈ**) | સાંજે ૪ થી ૭-૩૦ | શ્રી વરિયા પ્રજાપતિ સમાજ વાડી, સર્વોદય સોસાયટી. | ૯૮૭૯૦૭૫૦૭૬ |

| | | | |
|---|---|---|---|
| દ્રોણ | સવારે ૧૦ થી ૪ | ‘દાદા દર્શન’, ધોરા સ્ટ્રીટ. | ૯૯૦૯૮૦૫૫૯૦ |
| કેશિયા | સાંજે ૭-૩૦ થી ૧૧ | ‘દાદા દર્શન’, હાઈસ્કૂલ પાસે, પ્લોટ વિસ્તાર, પટેલ સમાજ પાસે, તા. જોડીયા. | ૯૪૦૮૭૪૩૩૧૨ |
| ઉના **(૧૩ જુલાઈ)** | સવારે ૯ થી ૨ | શ્રીમતી ગાંધી કન્યા વિદ્યાલય, પોલીસ લાઈન. | ૯૮૭૯૦૦૬૫૩૬ |
| જામ જોધપુર | સવારે ૯ થી ૫ | કડવા પટેલ સમાજ, બસ સ્ટેન્ડ રોડ, માકડિયા વાડી. | ૯૭૨૨૬૧૦૧૦૬ |

## મધ્ય ગુજરાત ઝોન

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ-પૂર્વ | બપોરે ૩ થી ૯-૩૦ | શ્રી નરોડા કડવા પાટીદાર સમાજની વાડી, જૂની નરોડા સબ પોસ્ટ ઓફિસ પાસે, દહેગામ રોડ. | ૯૮૯૮૧૪૯૧૬૯ |
| અમદાવાદ-પશ્ચિમ **(૧૩ જુલાઈ)** | સવારે ૯ થી ૫ | ડી. કે. પટેલ હૉલ, ગ્રાઉન્ડ ફ્લોર - બ્લૉક A, નવરંગ સ્કૂલ પાસે, દર્પણ છ રસ્તા પાસે, નારણપુરા. | ૯૮૯૮૧૪૯૧૬૯ |
| આણંદ | સવારે ૯ થી ૫ | ચીમનભાઈ પટેલ (સાથી) કમ્યુનિટી હૉલ, પાયોનીયર સ્કૂલ પાસે. | ૯૯૦૯૩૩૯૧૫૦ |
| ખંભાત | સવારે ૮ થી ૧૨-૩૦ | આધ્યાત્મિક હૉલ, BAPS સ્વામીનારાયણ મંદિરની પાછળ, માદળા તળાવ પાસે, મેતપુર રોડ. | ૯૨૭૬૬૦૪૪૭૦ |
| બાવળા **(૧૩ જુલાઈ)** | સવારે ૮-૩૦ થી ૧૨ | એમ.સી.અમીન ગર્લ્સ હાઈસ્કૂલ, સ્વામિનારાયણ મંદિર રોડ. | ૭૩૫૯૪૩૬૫૪૦ |
| દહેગામ | સવારે ૮-૩૦ થી ૧ | અમીન વાડી, વારાહી માતા મંદિર સામે. | ૯૯૨૫૧૭૯૭૭૨ |
| ગાંધીનગર **(૧૩ જુલાઈ)** | સવારે ૯ થી ૨ | મહારાષ્ટ્ર સમાજ ભવન, સેક્ટર-૨૧. | ૯૪૨૬૩૩૯૯૭૮ |
| કઠલાલ | બપોરે ૩:૩૦ થી ૭ | રાજ ઑટો, રેલ્વે ફાટકની બાજુમાં, કઠલાલ ચોકડી, અમદાવાદ રોડ. | ૯૯૨૫૭૪૧૦૮૨ |
| નડિયાદ | સવારે ૯ થી ૫ | બ્લડ બેંક હૉલ, સંતરામ સોસાયટી રોડ, અલકા સિનેમા પાસે. | ૯૪૨૭૮૫૩૫૯૦ |
| સોજીત્રા | સવારે ૯ થી ૧૨-૩૦ | શ્રી ફૂનીબા સાર્વજનિક મહિલા પુસ્તકાલય, રાવપુરા નાકા પાસે. | ૯૯૦૪૯૩૩૭૫૯ |
| તારાપુર | બપોરે ૩-૩૦ થી ૭ | સંતધામ વાડી, દૂધની ડેરી પાસે. | ૯૦૧૬૦૨૫૮૬૧ |
| દાહોદ **(૧૩ જુલાઈ)** | સવારે ૮ થી ૪ | ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, LIC ઑફિસની પાછળ, પોલીસ લાઈન રોડ. | ૯૪૨૭૦૧૩૩૧૯ |
| ડભોઈ | સવારે ૯ થી ૧ | વડોદરી ભાગોળ, પંચોલી ફળિયું, SBI ATMની સામે, અંબા ડેન્ટિસ્ટ ક્લિનિક પાસે. | ૯૫૮૬૮૪૪૦૪૨ |
| રાજપીપળા | સવારે ૯-૩૦ થી ૧ | શ્રી મહારાજા રાજેન્દ્રસિંહ વિદ્યાલય, જૂની સિવિલ હૉસ્પિટલ સામે. | ૯૯૭૮૫૬૮૭૬૬ |
| કપડવંજ **(૧૩ જુલાઈ)** | સવારે ૧૦ થી ૨ | લાયન્સ ક્લબ, ટાઉન હૉલ સામે. | ૯૮૨૪૫૩૬૬૩૧ |
| કલોલ | બપોરે ૩ થી ૭ | સિનીયર સિટીઝન કેર સેન્ટર હૉલ, જોયફુલ સ્કૂલ સામે, પંચવટી. | ૯૮૨૪૯૨૬૫૪૫ |

## Atmagnani Pujyashree Deepakbhai's USA - Canada Schedule - 2025

USA & Canada: +1-877-505-DADA (3232) Email - info@us.dadabhagwan.org

| Date | Day | From | To | Event | Venue |
|---|---|---|---|---|---|
| 6-Jul | Sun | 5:00 PM | 7:30 PM | **Satsang** | **Gurupurnima (Jacksonville, FL)** Hyatt Regency Jacksonville Riverfront 225 E Coastline Dr Jacksonville, FL 32202 |
| 7-Jul | Mon | 10:00 AM | 12:30 PM | **Satsang** | |
| 7-Jul | Mon | 4:30 PM | 7:00 PM | **Satsang** | |
| 8-Jul | Tue | 10:00 AM | 12:30 PM | **Satsang** | |
| 8-Jul | Tue | 4:30 PM | 7:00 PM | **Satsang** | |
| 9-Jul | Wed | 4:30 PM | 7:00 PM | **Gnanvidhi** | |
| 10-Jul | Thu | 8:00 AM | 9:30 AM | **Guru pujan, Aarti, GP message** | |
| 10-Jul | Thu | 10:00 AM | 12:30 PM | **Gurupurnima Darshan** | |
| 10-Jul | Thu | 5:00 PM | 7:00 PM | **Gurupurnima Darshan** | |
| 11-Jul | Fri | 11:00 AM | 12:30 PM | **Satsang** | |
| 19-Jul | Sat | 5:00 PM | 7:30 PM | **Satsang** | **(San Jose, CA)** ELKs #522 Willow Glen Event Center 444 West Alma Ave San Jose, CA 95110 |
| 20-Jul | Sun | 11:00 AM | 12:30 PM | **Aptaputra Satsang** | |
| 20-Jul | Sun | 4:30 PM | 7:30 PM | **Gnanvidhi** | |

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના અડાલજમાં આગામી સત્સંગ કાર્યક્રમો

**૯ ઓગષ્ટ** (શનિ) - **સત્સંગ** તથા **૧૦ ઓગષ્ટ** (રવિ) - **જ્ઞાનવિધિ**
**૨૦ થી ૨૭ ઓગષ્ટ** (બુધ થી બુધ) - **આપ્તવાણી ૧૪ ભાગ-૪** ગ્રંથ પર **પર્યુષણ પારાયણ**
**૨૮ ઓગષ્ટ** (ગુરુ) - **પૂજ્યશ્રીના દર્શનનો કાર્યક્રમ (ગુરુ પૂર્ણિમા દર્શન)**

---

## પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦
- **'ધર્મ સંદેશ' ચેનલ** પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૭ (ફક્ત ગુજરાત રાજ્યમાં)
- **'સાધના ગોલ્ડ ગુજરાતી'** પર દરરોજ સવારે ૭ થી ૮, રાત્રે ૮ થી ૯
- **'साधना'** पर हर रोज़ सुबह 7-50 से 8-15 (हिन्दी में)
- **'दूरदर्शन उत्तरप्रदेश'** पर हर रोज़ सुबह 7-30 से 8 और दोपहर 3 से 4 (हिन्दी में)
- **'दूरदर्शन सह्याद्रि'** पर हर रोज़ सुबह 7 से 7-45, और रात्रे 10-30 से 11 (मराठी में)
- **'आस्था कन्नड़ा'** पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 (कन्नड़ा में)
- **'दूरदर्शन चंदना'** पर हर रोज़ सुबह 7 से 7-30 (कन्नड़ा में)

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** 9328661166-77; **રાજકોટ :** 9924343478; **ભુજ :** 9924345588; **ગોધરા :** 9723707738; **મોરબી :** 9924341188; **સુરેન્દ્રનગર :** 9737048322; **અમરેલી :** 9924344460; **વડોદરા :** 9574001557; **અંજાર :** 9924346622; **જામનગર :** 9924343687; **જૂનાગઢ :** 9924344489; **મુંબઈ :** 9323528901; **ભાવનગર :** 9313882288; **અમદાવાદ (દાદા દર્શન) :** 9574001445; **વડોદરા (દાદા મંદિર) :** 9924343335
**U.S.A. Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## નવસારી : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૨૦ થી તા.૨૨ મે ૨૦૨૫



## હરિદ્વાર : હિન્દી શિબિર : તા.૨૮ મે થી તા.૧ જૂન ૨૦૨૫



જુલાઈ ૨૦૨૫
વર્ષ-૩૦, અંક-૧૧
સળંગ અંક-૩૫૯

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## પરિણામલક્ષી સ્વભાવને લીધે જડ્યું આ વિજ્ઞાન

મારો નાનપણથી એક સ્વભાવ હતો કે હરેક કાર્ય કરું એનું મને પરિણામ દેખાયા વગર રહે જ નહીં. છોકરાં બધા ચોરી કરતા હોય તો મારું મન લલચાય ખરું કોઈ વખત કે આ કરવા જેવી ચીજ છે, પણ મને તરત પરિણામ રૂપે ભય દેખાયા જ કરે. એટલે મૂળથી જ પરિણામ દેખાય. એટલે કશે ચોંટવા દીધો નથી. આનું પરિણામ શું આવશે એ મારી સાથે હોય છે, દરેક વાતમાં. મારું વલોણું પરિણામવાદી હતું. 'આજ વલોણું વલોવ્યું, એમાં આવ્યું શું ?' એવું જોવાની ટેવ હતી. વલોવું ખરો, પણ જોયા પછી કંઈ માખણ ના આવે તો હું છોડી દઉં. પરિણામે મને શું પ્રાપ્ત થયું એ જોઈ લઉં. એટલે હુંયે વલોવતો'તો બળ્યું, પણ વલોવ્યું ત્યારે તો આ જડ્યું ને બધું મને. વલોવતા વલોવતા (આ વિજ્ઞાન) જડ્યું ને !

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.